RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર
NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 220* Date: 07.06.2021 Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

૨ મહિનામાં સૌથી ઓછા નવા કેસ નોંધાયા, ૧.૮૨ લાખથી વધુ લોકો સ્વસ્થ થયા

## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧.૧૪ લાખ નવા કેસ, ૨૬૭૭ લોકોનાં મોત



### દેશમાં કોવિડ રિકવરી રેટ સુધરીને ૯૩.૭ ટકા થયો, એક્ટિવ કેસોની સંખ્યા ૧૫ લાખથી ઓછી થઈ

ન્યુ દિલ્હી,તા.૬

દેશમાં કોરોના સંક્રમણની બીજી લહેર નબળી પડી રહી છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં સંક્રમણના ૧,૧૪,૪૬૦ નવા કેસ સામે આવ્યા છે. રોજ સામે આવી રહેલાં કોરોનાના નવા દર્દીઓનો આ આંકડો છેલ્લા બે મહિનામાં સૌથી ઓછો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧,૮૯,૨૩૨ લોકો કોરોના સંક્રમણથી સ્વસ્થ થયા છે, જ્યારે ૨૬૭૭ લોકોનાં મોત નિપજયાં છે.સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, દેશમાં અત્યાર સુધી કોરોના સંક્રમણના કુલ કેસની સંખ્યા ૨ કરોડ ૮૮ લાખ ૯ હજાર ૩૩૯ થઇ ગઇ છે. જ્યારે કુલ કેસમાંથી ૨ કરોડ ૬૯ લાખ ૮૪ હજાર ૭૮૧ લોકો કોરોને માત આપવામાં સફળ રહ્યાં છે, જ્યારે ૩,૪૬,૭૫૯ લોકોનાં મોત નિપજયાં છે. દેશમાં કોરોનાના એક્ટિવ કેસોની સંખ્યામાં સતત ઘટાડો થઇ રહ્યો છે. હાલ દેશમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૧૪,૭૭,૭૯૯ છે.

બીજી બાજુ, દેશમાં શનિવારે કોરોનાની રસીના ૩૧,૨૦,૪૫૧ ડોઝ આપવામાં આવ્યા. આ સાથે જ અત્યાર સુધી ૨૩ કરોડથી વધુ ડોઝ અપાઇ ચૂક્યાં છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગે જણાવ્યું કે, શનિવારે આપવામાં આવેલા કુલ ડોઝમાંથી ૧૮-૪૪ વયવર્ગના ૧૬,૧૭,૫૦૪ લાભાર્થીઓને રસીનો પ્રથમ ડોઝ, જ્યારે ૪૧,૦૫૮ને બીજો ડોઝ આપવામાં આવ્યો. રસીકરણ અભિયાનના ત્રીજા તબક્કાની શરૂઆત બાદથી રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં અત્યાર સુધી આ વયવર્ગના ૨,૭૬,૩૫,૯૩૭ લોકોને પ્રથમ ડોઝ, જ્યારે ૧,૬૦,૪૦૬ લોકોનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે.

## અમદાવાદમાં આજથી એએમટીએસ-બીઆરટીએસ બસ સેવા શરૂ થશે

અમદાવાદ,તા.૬

અમદાવાદની AMTS-BRTS બસ સેવાને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. ૭ જૂન સોમવારથી અમદાવાદ સિટી બસ સેવા પુનઃ શરૂ થશે. સોમવારથી AMTS, BRTS બસ સેવા શરૂ થતા લોકોને રાહત મળશે. કોરોનાના કારણે AMTS, BRTS બસ સેવા બંધ હતી. કોવિડ નિયમો સાથે બસ સેવા શરૂ થશે. સીટી બસમાં રોજના આશરે ૪ લાખથી વધુ લોકો મુસાફરી કરતા હોય છે. જેમા કર્મચારી વર્ગ, વિદ્યાર્થીઓ અને અન્ય સામાન્ય લોકો પોતાની મુસાફરી માટે બસ સેવાનો લાભ લેતા હતા.સીટી બસમાં રોજના આશરે ૪ લાખથી વધુ લોકો મુસાફરી કરતા હોય છે. જેમા કર્મચારી વર્ગ, વિદ્યાર્થીઓ અને અન્ય સામાન્ય લોકો પોતાની મુસાફરી માટે બસ સેવાનો લાભ લેતા હતા. ૧૮ માર્ચના દિવસે છરૂજી અને BRTS બંને સેવા કોરોનાના સંક્રમણને ધ્યાનમાં રાખી બંધ કરી દેવાઈ હતી. જે બાદ લોકોને રિક્ષામાં જવા માટે વધારે ભાડું પણ આપવું પડતું હતું.ગુજરાતની એસ.ટી.બસમાં હવે મુસાફરી માટે વધુ છૂટ મળી છે. હવે એસ.ટી.બસમાં ૭૫ ટકા સિટિંગ કેપેસીટી સાથે મુસાફરી થઈ શકશે. ૫૦ ટકાની જગ્યાએ ૭૫ ટકાની કેપેસિટી રાખવામાં આવી છે. સવારે ૬થી રાત્રે ૯ વાગ્યા સુધીની બસને મુસાફરીની છૂટ અપાઈ છે.

## હવે રાજ્યમાં બી.યુ.પરમિશન વગર ફાયર એનઓસી મળશે

### ૯ મીટર સુધીની ઉંચાઇ ધરાવતા મકાનોમાં ચાલતી શૈક્ષણિક સંસ્થાઓએ ફાયર સેફટી એનઓસી લેવાનું રહેશે નહી, આવી શૈક્ષણિક સંસ્થાઓ સ્વપ્રમાણિત-સેલ્ફ એટેસ્ટેડ ફાયર એનઓસી કરી શકશે,બી.યુ. પરમીશન ન હોય પરંતુ ફાયર એનઓસીની જોગવાઈઓની સંપૂર્ણ પૂર્તતા થતી હોય તો ફાયર એનઓસી આપવા માટે બી.યુ. પરમીશન ફરજિયાત રહેશે નહિ,શહેરી વિકાસ સત્તા મંડળ વિસ્તારો માટે ફાયર એનઓસી જે તે મહાનગર પાલિકાના ચીફ ફાયર ઓફિસર આપી શકશે



ગાંધીનગર,તા.૬

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજયમાં ફાયર સેફટી NOC અંગે કેટલાક મહત્વપૂર્ણ નિર્ણય કર્યા છે. રૂપાણીએ કરેલા નિર્ણય અનુસાર ૯ મીટરથી ઓછી ઉંચાઇ ધરાવતા હોય અને બેઇઝમેન્ટ ન હોય તેવા મકાનોમાં ચાલતી શૈક્ષણિક સંસ્થાઓએ હવે ફાયર NOC લેવાનું રહેશે નહિ. પરંતુ આવી શૈક્ષણિક સંસ્થાઓ નિર્દિષ્ટ નિયમાનુસારની ફાયર સેફટી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરીને સેલ્ફ એટેસ્ટેડ સ્વપ્રમાણિત- રીતે ફાયર NOC જાતે મેળવી શકશે. આ સ્વપ્રમાણિત-સેલ્ફ એટેસ્ટેડ ફાયર NOC કર્યાની જાણ સંબંધિત નગર, શહેર કે જિલ્લામાં શિક્ષણ વિભાગના અધિકારીને કરવાની રહેશે.

રાજ્યમાં ઘણા કિસ્સાઓમાં ફાયર NOCની તમામ જોગવાઇઓ પૂર્ણ થતી હોવા છતાં બી.યુ. પરમીશન ન હોવાને કારણે ફાયર NOC આપવામાં આવતું નથી. મકાનના વપરાશ પ્રમાણપત્ર એટલે કે બી.યુ. ન મળવાના અન્ય કારણો પણ હોઇ શકે છે. આ સંદર્ભમાં રાજ્ય સરકાર દ્વારા નિયામકશ્રી અગ્નિ શમન સેવાઓને સ્પષ્ટતા કરવામાં આવી છે કે ફાયર NOC આપવી એ બી.યુ. પરમીશન પૂર્વેની જરૂરિયાત છે. એટલે કે જ્યાં બી.યુ. પરમીશન ન મળી હોય તેવા બિલ્ડિંગો પણ જો ફાયર NOCની જોગવાઇઓની સંપૂર્ણ પૂર્તતા કરતાં હોય તો તેમને ફાયર NOC આપવા માટે બી.યુ. પરમીશનનો બાધ રહેશે નહિ.આ બેઠકમાં અન્ય એક એવો નિર્ણય પણ લેવામાં આવ્યો છે કે નગરપાલિકા વિસ્તારોમાં ફાયર NOC આપવાની સત્તા અને અધિકારો અગ્નિશમન નિયામકના સ્થાને સંબંધિત નગરપાલિકાના ફાયર ઓફિસરોને આપવામાં આવશે. આ નિર્ણયને પરિણામે રાજયના નગરોમાં ફાયર NOC લોકોને ત્વરાએ મળી શકશે.

રાજયમાં અગ્નિશમન સેવાઓનો વ્યાપ વધે અને નાગરિકોને કામકાજમાં સરળતા મળી રહે તે હેતુસર એક વધુ ફાયર રિજિયનનો ઉમેરો કરવાનો પણ નિર્ણય કર્યો છે. હવે રાજયમાં આઠ મહાનગરો ઉપરાંત રિજિયોનલ કમિશનર ઓફ મ્યુનિસિપાલિટિઝ કચેરીના કાર્યક્ષેત્ર મુજબ અમદાવાદ, સુરત, વડોદરા, ગાંધીનગર, રાજકોટ અને ભાવનગર એમ છ ફાયર રિજિયન મળી કુલ ૧૪ ફાયર રિજિયન કાર્યરત થશે.આ ફાયર રિજિયનના ફાયર ઓફિસરોએ આઇ.એ.એસ. કક્ષાના સિનિયર ઓફિસરો જે તે પ્રાદેશિક મ્યુનિસિપલ કમિશનર તરીકે ફરજ બજાવે છે તેમના નિયંત્રણ હેઠળ ફરજો બજાવવાની રહેશે.

હવે શહેરી વિકાસ સત્તા મંડળોના વિસ્તારોમાં સમાવિષ્ટ વિસ્તારો માટે મહાનગર પાલિકાના ચીફ ફાયર ઓફિસર ફાયર NOC આપવાની કામગીરી કરશે. મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજાયેલી ફાયર સેફટી અંગેની આ સમીક્ષા બેઠકમાં શહેરી વિકાસના અધિક મુખ્ય સચિવશ્રી મુકેશ પુરી, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ એમ. કે. દાસ તેમજ ફાયર અને શહેરી વિકાસ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત હતા.

## ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીમાં તમામ બેઠકો પર લડશે 'આપ'

અમદાવાદ,તા.૬

ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીમાં રાજ્યની તમામ ૧૮૨ બેઠકો પર આમ આદમી પાર્ટીના ઉમેદવારો ઉતરશે. 'આપ'ના જામનગર શહેરના અધ્યક્ષ કરસન કરમુરે પત્રકાર પરિષદ સંબોધીને આ જાણકારી આપી છે.તેમણે જણાવ્યું કે, આપની ગુજરાતમાં સારી શરૂઆત થઈ છે, મહાનગર પાલિકાની ચૂંટણીમાં પાર્ટી સારુ પ્રદર્શન કરીને આગળ વધી રહી છે. ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીમાં પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલના માર્ગદર્શનમાં તમામ ૧૮૨ બેઠકો પર આપના ઉમેદવારો ચૂંટણી મેદાનમાં ઉતરશે.

તેમણે પોતાના શહેરના અધ્યક્ષ, ભાવેશ સભાડિયાને જિલ્લા અધ્યક્ષ અને આશિષ કટારિટાને શહેરના ઉપાધ્યક્ષ અને મુખ્ય પ્રવક્તા તરીકે નિયુક્ત કરવાની જાહેર કરતાં જણાવ્યું કે, પાર્ટી એક નિષ્ઠાવાન અને પ્રામાણિક વિપક્ષ તરીકે કામ કરશે. શહેર અને જિલ્લામાં કોઈ ખોટું કામ નહીં થવા દેવામાં આવે. ખોટા કામ અને ભ્રષ્ટાચારનો વિરોધ કરવામાં આવશે. લોકોના હિતમાં કરવામાં આવતા કામોને સંપૂર્ણ સહયોગ કરવામાં આવશે.

## હાઈકમાન્ડ આદેશ કરશે તો મુખ્યમંત્રી પદ છોડી દઈશ: યેદિયુરપ્પા



બેંગ્લુરૂ,તા.૬

કર્ણાટક ભાજપમાં પણ આજકાલ ઉથલ પાથલ ચાલી રહી છે. અહીંયા સત્તાધારી ભાજપમાં હાલના સીએમ યેદિયુરપ્પા સામે અસંતોષ જોવા મળી રહ્યો છે.

તેમને સીએમ તરીકે હટાવાશે તેવી અટકળો વચ્ચે ખુત યેદિયુરપ્પાએ કહ્યુ હતુ કે, જે દિવસે મને હાઈકમાન્ડ સીએમ પદ છોડવાનુ કહેશે તે દિવસે હું રાજીનામુ આપી દઈશ. સાથે સાથે તેમણે કહ્યુ હતુ કે, રાજયમાં ભાજપનો કોઈ વિકલ્પ હોય તેવુ મને લાગતુ નથી.એવુ કહેવાઈ રહ્યુ છે કે, યેદિયુરપ્પાને સીએમ પદેથી હટાવવા માટે ભાજપમાં હિલચાલ ચાલી રહી છે. જોકે મુખ્યમંત્રીની નજીકના કેટલાક ધારાસભ્યોએ દાવો કર્યો હતો કે, યેદિયુરપ્પા પોતાનો કાર્યકાલ પુરો કરશે અને બે વર્ષ પછી યોજાનારી ચૂંટણીમાં ભાજપનુ નેતૃત્વ ફરી કરશે.તાજેતરમાં કર્ણાટક સરકારના મંત્રીએ દાવો કર્યો હતો કે, ભાજપના કેટલાક ધારાસભ્યો દિલ્હી પહોંચ્યા છે અને આજે પણ સંખ્યાબંધ જગ્યાએ થયેલી બેઠકો અંગે પણ ખબર પડી છે. જેમાં કેટલાક મંત્રી પણ સામેલ થયા છે. જયારે ઉપમુખ્યમંત્રી સી એન નારાયણે કહ્યુ હતુ કે, અમને આવી કોઈ જાણકારી નથી. યેદિયુરપ્પા અમારા મુખ્યમંત્રી અને નેતા રહેવાના છે. યેદિયુરપ્પા મજબૂત થઈને કામ કરી રહ્યા છે.આમ ભાજપમાં જૂથવાદ દેખાઈ રહ્યો છે. યેદિયુરપ્પા સામે કર્ણાટક ભાજપમાં છેલ્લા કેટલાક સમયથી અસંતોષ પ્રવર્તી રહ્યો છે. જે હવે ખુલ્લેઆમ સપાટી પર આવ્યો છે.

## રાજયમાં હવે એસ.ટી.બસમાં ૭૫ ટકા સિટિંગ કેપેસીટી સાથે મુસાફરી થઈ શકશે


ગાંધીનગર,તા.૬

સમગ્ર રાજય માં આ વખતે કોરોનાની બીજી લહેર ખુબ જ ભયંકર જોવા મળી હતી .સરકાર આ પરિસ્થિતિ નિવારવા અથાગ પ્રયત્નો કરતી જોવા મળે છે. સરકારે મીની લોકડાઉન રાજ્યના અમુક શહેરોમાં લગાવી દેવામાં આવ્યું હતું જે મ કેસો ઘટતા ગયા તેમ તેમ થોડીક છૂટ-છાટ આપવામાં આવી રહી છે જેમના પગલે મહામારી હવે હળવી બનતા એસ.ટી.બસમાં ૭૫ ટકા સિટિંગ કેપેસીટી સાથે સવારે ૬ થી રાત્રે ૯ સુધી મુસાફરી કરી શકશે તેવો નિર્ણય લેવામાં આવ્યો છે.ગુજરાતના એસ.ટી.બસ ના રૂટ ઉપર ટાઈમિંગ પાબંધી લાગ્યા બાદ હવે કોરોના થોડો કાબુ માં આવતા સરકારી ઓફિસો પૂર્ણ રીતે ખોલવા સહિત બસમાં મુસાફરી માટે વધુ છૂટ મળી છે. હવે એસ.ટી.બસમાં ૭૫ ટકા સિટિંગ કેપેસીટી સાથે મુસાફરી થઈ શકશે. ૫૦ ટકાની જગ્યાએ ૭૫ ટકાની કેપેસિટી રાખવામાં આવી છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
કોરોના નવા કેસની સંખ્યાઃ૮૪૮
રાજ્યમાં કુલ કેસનો આંકડો
પહોંચ્યો : ૮૧૬૨૩૪
ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
લોકોનાં મૃત્યુઃ ૧૨
રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા
દર્દીઓની સંખ્યા :૨૯૧૫
ગુજરાતમાં સાજા થયેલા કુલ
દર્દીઓની સંખ્યા : ૭૮૮૨૯૩

## આજથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ, વિદ્યાર્થીઓ ઓનલાઇન ભણશે, 100% સ્ટાફ હાજર રહેશે



ગાંધીનગર,તા.૬

ગુજરાતમાં ૭મી જૂનથી એટલે સોમવારથી તમામ પ્રાથમિક અને માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે. નવા શૈક્ષણિક સત્રમાં વિદ્યાર્થીનો અભ્યાસ નવી ગાઇડલાઇન ન આવે ત્યાં સુધી ઓનલાઇન જ રહેશે. આ ઉપરાંત શાળામાં શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક સ્ટાફની હાજરી ૧૦૦ ટકા ફરજીયાત રહેશે. કોરોના વાયરસ મહામારીને કારણે ધોરણ ૧૦નાં વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવ્યું છે પરંતુ ધોરણ ૧૧ની પ્રવેશ પ્રક્રિયામાં વિલંબ થઇ શકે છે. કારણ કે આ અંગેની પ્રવેશ પ્રક્રિયાની હજી સુધી કોઇ ગાઇડલાઇન આપવામાં આવી નથી.આ ઉપરાંત જણાવવામાં આવ્યું છે કે, અભ્યાસક્રમનાં પાઠ્યપુસ્તકો ૧૮મી જૂન સુધીમાં વિદ્યાર્થીઓને મળી જાય તેવી વ્યવસ્થા કરવાની સૂચના આપી છે. પાઠ્યપુસ્તકો વિતરણ કરવા માટે વિદ્યાર્થીઓને એકત્ર કરવા નહીં, તેના માટે વિદ્યાર્થીઓને ઘરેબેઠા પુસ્તકો મળી જાય તેવી વ્યવસ્થા શાળાઓએ કરવાની રહેશે. ધોરણ-૩થી ૫ માટેની સાહિત્ય સામગ્રી શિક્ષા અભિયાન દ્વારા ધોરણ-૬થી ૮ માટેનું સાહિત્ય GCERT દ્વારા અને ધોરણ-૧૦થી ૧૨નું સાહિત્ય ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સ્કૂલોમાં પહોંચાડવાનું રહેશે. આ સાથે ધોરણ-૧થી ૯માં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પ્રક્રિયા પણ શરૂ થશે.વિદ્યાર્થીઓને પુસ્તકો ઘરે જ મળી જાય તેવી વ્યવસ્થા શાળાએ કરવાની રહેશે. કોઇપણ વિદ્યાર્થી કે વાલીઓને શાળામાં બોલાવવા નહીં તેમ જણાવવામાં આવ્યું છે.આવતી કાલથી રાજ્યની તમામ સ્કૂલોમાં નવું શૈક્ષણિક સત્ર ઓનલાઈન શરુ થશે. છતાં ધોરણ ૧૦ ના માસ પ્રમોશન મેળવેલ ૮.૫૩ લાખ જેટલા રેગ્યુલર વિદ્યાર્થીઓનું પરિણામ તૈયાર કરવાની હજી કોઇ ગાઇડલાઇન આવી નથી.

જેના કારણે ધોરણ ૧૧માં વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા અને શિક્ષણકાર્યમાં વિલંબ થઈ શકે છે.સરકારે આ માટે રચેલી તજજ્ઞોની મીટિંગ માત્ર એક જ વખત યોજાઈ છે. ત્યારે આગામી સપ્તાહમાં મળનારી આ તજજ્ઞોની બેઠકમાં પરિણામને લઈ પોલીસી જાહેર કરવામાં આવશે.

## તંત્રી સ્થાનેથી...

# આ ૪ રાશિવાળા બોલવામાં હોય છે હોશિયાર, તેમની વાત મનાવવામાં પણ હોય છે માહિર

દરેક વ્યક્તિ તેમનો સ્વભાવ અને વ્યક્તિત્વ હોય છે. કોઈમાં કઈ ખાસિયત હોય છે કઈક ખામી પણ હોય છે એકજ પ્રકારના સ્વભાવવાળાની આપસમાં બને છે. જ્યોતિષશાસ્ત્રમાં એવી જ કેટલીક રાશિઓ વિશે

જણાવ્યો છે જે બીજાને જલ્દી પ્રભાવિત કરી લે છે. તેની સાથે જ આ રાશિઓના જાતક તેમની વાત મનાવી લે છે. જાણો એવી રાશિઓ વિશે.

૧. મિથુન - જયોતિષશાસ્ગ્ત્ર મુજબ મિથુનરાશિવાળાઓનો વ્યક્તિત્વ આકર્ષક હોય છે.

જેના કારણે આ જલ્દી લોકોથી મેળ થઈ જાય છે. આ રાશિ વાળા તેમની વાતથી સામે વાળાને ઈંપ્રેસ કરવામાં સફળ રહે છે. આ

બોલવમાં હોશિયાર હોય છે. ઘણી વાર લોકો તેમની વાતને સત્ય માનીને વિશ્વાસ પણ કરી લે છે. તે તેમની ખાસિયતના કારણે લોકોથી તેમનો કામ સરળતાથી કરાવી લે છે.

૨ સિંહ -સિંહ રાશિઓના જાતકનો વ્યક્તિત્વ પ્રભાવશાળી હોય છે. આ જોશીલા અને ઉત્સાહી હોય છે. તેમના પ્રત્યે દરેક કોઈને સરળતાથી આકર્ષિત થઈ જાય છે. આ રિશ્તા નિભાવતા સારી રીતે જાણે છે. તે જયાં

જાય છે તેમની ખાસિયતના કારણે લોકોના દિલમાં જગ્યા બનાવી લે છે. તેમની વાતને દર જગ્યા મહત્વ મળે છે.

૩. તુલા- આ રાશિના ખૂબ આકર્ષક હોય છે. આ લોકો તેમની મિત્રાતા અને પ્રેમને ખૂબ મહત્વ આપે છે. તે તેમની સ્પષ્ટ રીતે રાખવા જાણે છે. લોકો તેમની વાતને મહત્વ પણ આપે છે. તે લોકોના દિલોમાં

સરળતાથી જગ્યા બનાવી લે છે.

૪. મકર- મકર રાશિવાળાના વ્યક્તિત્વ અને અંદાજ જુદો જ હોય છે. તે લોકો તેમના સ્વભાવથી પ્રભાવિત કરવામાં સફળ રહે છે. તેમના બોલવાની ક્ષમતાના કારણે તે તેમની વાત સરળતાથી મનાવી લે છે. તેમની

વાતચીતનો તરીકો બીજાથી જુદો હોય છે.

# ૯૫ ટકા હિંદુ વસ્તી માં કોઈ મુસ્લિમ સરપંચ તરીકે ચુંટાય તે NEWS ન કહેવાય..... પણ ૯૫ ટકા મુસ્લિમ વસ્તીમાં કોઈ હિન્દુ સરપંચ ચૂંટાય તેને News કહેવાય.

તારીખ 10 May,2021 ના દિને દ્વીજ-૧૮ પર સમાચાર પ્રસારિત થયા કે ઉત્તર પ્રદેશના ફૈઝાબાદ જિલ્લાના રંજનપુર નામના હિન્દુ બહુલ ગામમાં હાફિઝ અજીમુદ્દિન નામના મુસ્લિમ સરપંચ તરીકે ચુંટાઈ આવ્યા.

આ સમાચાર સંસ્થા મુજબ તેઓ આખા ગામમાં એક માત્ર મુસ્લિમ હતા જયારે બીજા એક સોર્સ મુજબ આ ગામમાં માંડ ૫ ટકા મુસ્લિમો છે અને ૯૫ ટકા હિન્દુઓ છે

કેટલીક ચેનલોએ પણ આશ્ચર્ય વ્યક્ત કરી ૯૫ ટકા હિન્દુ વસ્તી માં એક મુસ્લિમ સરપંચ તરીકે ચુંટાઈ આવ્યા તેને ખુબ મોટા આકર્ષક દ્વીજ બનાવીને પ્રસારિત કર્યા.

ખરેખર તો હિન્દુ બહુમતી ધરાવતા મત વિસ્તારો માં મુસ્લિમ ઉમેદવાર ચૂંટાય તે કોઇ નવાઈ ની કે આશ્ર્ચર્ય ની વાત નથી.... બહુમતી હિન્દુઓ મુસ્લિમને ચુંટે તે તો હિન્દુ સમાજની પ્રકૃતિ અને સ્વાભાવિકતા છે, માટે આને સાચા અર્થમાં દ્વીજ ન કહેવાય...દ્વઈઉજી તો તેને કહેવાય જયારે ૯૫ ટકા મુસ્લિમ બહુમતી વાળા મતક્ષેત્ર માંથી માત્ર ૫ ટકા વસ્તી ધરાવતો કોઈ હિન્દુ ઉમેદવાર ચૂંટાય ત્યારે.

આ દેશના હિન્દુઓ એ પંથના ભેદભાવ વિના મુસ્લિમો ને ભૂતકાળમાં ચૂંટ્યા છે અને આજે પણ ચૂંટે છે. તેની સિલસિલા બંધ વિગતો અમે પ્રસ્તુત કરીએ છીએ.

(૧) ગુજરાતની ભરૂચ લોકસભા બેઠક માં ૭૫ ટકા હિન્દુ મતદારો હોવા છતાં એહમદ પટેલ આ વિસ્તાર માંથી ત્રણ વાર સાંસદ તરીકે ચુંટાયા હતા... (૨) બનાસકાંઠા ની હિન્દુ બહુમતી ધરાવતી લોકસભા બેઠક પરથી અકબર ચાવડા બે વાર સાંસદ તરીકે ચુંટાયા હતા. એટલુજ નહિ તેમના અવસાન પછી તેમનાં પત્નિ જોહરાબીબી ને પણ આ જ હિન્દુ મતદારોએ બનાસકાંઠાના સાંસદ તરીકે ચૂંટ્યા હતા......(૩) અમદાવાદ જેવા ૮૦ ટકા હિન્દુ બહુલ વિસ્તારમાંથી ૧૯૭૭ માં અહેસાન જાફરી સાંસદ તરીકે ચુંટાયા હતા.....(૪) રાજકોટ લોકસભા હિન્દુ બહુલ હોવા છતાં મીનું મસાની જેવા પારસી ઉમેદવારને લોકોને સાંસદ તરીકે ચૂંટ્યા હતા અને વિપક્ષના હિન્દુ ઉમેદવાર હાર્યા હતા.......(૫) તેવી જ રીતે હિન્દુ બહુલ ગોધરા બેઠક પરથી મુંબઈના પારસી સજ્જન પીલુ મોદીને લોકોએ હોંશે હોંશે ચૂંટ્યા હતા........(૬) રાજસ્થાનની ઝુંનઝુનું બેઠક પરથી ત્યાં ૯૦ ટકા હિન્દુ મતદારો હોવા છતાં અયુબખાન બે વાર સાંસદ તરીકે ચુંટાયા હતા.........(૭) મધ્ય પ્રદેશની બર્દવાન લોકસભા બેઠક કે જયાં ૯૧ ટકા હિન્દુ મતદારો હતા ત્યાંથી મુમતાજ સંગમિત્રા સાંસદ તરીકે ચુંટાયા હતા..........(૮) રાયગંજ ની લોકસભા બેઠક કે જયાં ૭૨ ટકા હિન્દુ મતદારો હતા ત્યાંથી ડાબેરી મહમ્મદ સલીમ સાંસદ તરીકે ચુંટાયા હતા.

આ બધા પરિણામો સુચવેછે કે હિન્દુ બહુમતિ વાળા મતક્ષેત્ર માંથી મુસ્લિમ ઉમેદવારો હિન્દુઓ ના મતોથી આરામથી ચુંટાઈ શકેછે... હવે આનાથી થોડો આગળ વિચાર કરીએ..... જેમ હિન્દુ બહુમતિ વિસ્તારોમાંથી મુસ્લિમ ઉમેદવારો ચુંટાઈ શકેછે, તેવી રીતે હિન્દુ બહુમતિવાળા રાજ્યો (જંદ્વીજ) માં મુસ્લિમ નેતાઓ મુખ્ય મંત્રી પણ બની શક્યા છે. તેની વિગતો આ રહી.

(૧)૯૦ ટકા હિન્દુ બહુમતિ ધરાવતા મહારાણા પ્રતાપના પ્રિય રાજસ્થાન માં ૧૯૭૧ માં બરકતુલ્લા ખાન મુખ્યમંત્રી બની શક્યા હતા...(૨) માત્ર ૧૫ ટકા મુસ્લિમ વસ્તી ધરાવતા બિહારમાં ૧૯૭૩ માં અબ્દુલ ગફુર મુખ્યમંત્રી બની શક્યા હતા...........(૩) છત્રપતિ શિવાજી મહારાજ ના મહારાષ્ટ્ર માં અબ્દુલ રહેમાન અંતુલે ૧૯૮૦ માં મુખ્યમંત્રી બની શક્યા હતા.,.........(૪) હિન્દુ બહુલ આસામમાં સૈયદા અનવરા તૈમુર ૧૯૮૦ માં ત્યાંના મુખ્યમંત્રી બની શક્યા હતા..........(૫) હિન્દુ બહુલ કેરળ કે જયાંથી આદિ શંકરાચાર્યે સનાતન ધર્મ નો ડંકો વગાડ્યો હતો તે ભૂમિ પર મહમ્મદ કોયા ૧૯૭૯ માં મુખ્યમંત્રી બની શક્યા હતા .........(૬) હિન્દુ બહુલ પોંડિચેરી કે જે મહર્ષિ અરવિંદ ની તપસ્યા ભૂમિ છે ત્યાં મહમ્મદ ફારુખ એક નહી પણ ત્રણ વાર મુખ્યમંત્રી બની શક્યા હતા........(૭) ભગવાન શ્રીકૃષ્ણ પર અપાર ભક્તિ ધરાવતા વૈષ્ણવી મણિપુર માં મોહંમદ અલીમુદ્દીન બે વાર મુખ્યમંત્રી બન્યા હતા.........(૮) હિન્દુ બહુલ છત્તીસગઢ માં અજીત જોગી જેવા ખ્રિસ્તીપંથી નેતા મુખ્યમંત્રી બની શક્યા હતા.........(૯) હિન્દુ બહુલ આંધ્રપ્રદેશમાં રાજશેખર રેડ્ડી નામના ખ્રિસ્તીપંથી નેતા ત્યાંના મુખ્યમંત્રી બની શક્યા હતા.....(૧૦) અને વર્તમાનમાં તેમના જ ખ્રિસ્તીપંથી સુપુત્ર જગન રેડ્ડી ત્યાંના મુખ્યમંત્રી છે.

હવે અમે કેટલાક મહત્વના પ્રશ્નો આપ સૌને પૂછીએ છીએ.

(૧)૬૮ ટકા મુસ્લિમ વસ્તી ધરાવતા જમ્મુ કાશ્મીર માં શેખ અબ્દુલ્લા, ફારુક અબ્દુલ્લા, ઓમર અબ્દુલ્લા, મુફ્તી મોહમ્મદ સઈદ, મહેબુબા મુફ્તી, ગુલામનબી આઝાદ વિગેરે મુખ્યમંત્રી બની શક્યા છે પણ કોઇ હિન્દુ નેતા ત્યાં મુખ્યમંત્રી બની શક્યા છે ખરા ? અગર નહીં તો કેમ નહીં? આનો કોઇ જવાબ આપી શકશે?

(૨) લક્ષદ્વીપ માં ૯૭ ટકા મુસ્લિમ વસ્તી છે . શું આજ દિન સુધી ત્યાં કોઈ બિન મુસ્લિમ શાસક બની શક્યા છે ખરા?

(૩)૭૫ ટકા ખ્રિસ્તી વસતી અને ૧૨ટકા હિન્દુ વસ્તી ધરાવતા મેઘાલયમાં આજ દિન સુધી કોઈ હિન્દુ નેતા મુખ્યમંત્રી બની શક્યા છે ખરા?

(૪)૮૮ ટકા ખ્રિસ્તી વસ્તી,૮ ટકા બૌદ્ધ ધર્મી અને ૪ ટકા હિન્દુ વસ્તી ધરાવતા મિઝોરમ માં આજ દિન સુધી ત્યાં કોઈ હિન્દુ કે બૌદ્ધ મુખ્ય મંત્રી બની શક્યા છે ખરા?

(૫) હિન્દુ બહુલ આ દેશે ચાર મુસ્લિમ રાષ્ટ્રપતિઓ જેવા કે ડૉ.જાકિર હુસેન, મો. હીદાયતુલ્લા, ફખ્રુદ્દિનઅલી એહમદ, અને ડૉ. અબ્દુલ કલામને સન્માનભેર આવકાર્યા છે...... પરંતુ દુઃખ ની વાત એ છે કે ખ્રિસ્તી બહુલ મિઝોરમે તો કેન્દ્ર સરકાર ને સ્પષ્ટ ચીમકી આપી હતી કે જો અહીં હિન્દુ ગવર્નર મોકલવામાં આવશે તો તેનો ભારે વિરોધ થશે.

આશ્ર્ચર્ય ની વાત એ છે કે હિન્દુ બહુલ આ દેશે ચાર ચાર મુસ્લિમ રાષ્ટ્રપતિઓ ને ઉલ્લાસભેર આવકાર્યા છે, જયારે બીજી બાજુ મિઝોરમ રાજ્ય હિન્દુ ગવર્નરને આવકારવા ઈનકાર કરે છે. આનો ખુલાસો શો છે?

ફરીથી અમે આ દેશના પત્રકારો, સમાજચિંતકો ,રાજનીતિજ્ઞો ,બુદ્ધિજીવીઓ, લિબરલો, અને કહેવાતા સેક્યુલરો ને કહીએ છીએ કે ૯૫ ટકા હિન્દુ વસ્તી ધરાવતા વિસ્તારમાં મુસ્લિમ ઉમેદવાર ચૂંટાય તે દ્વીજ નથી, સાચું તો એ છે કે ૯૫ ટકા મુસ્લિમ કે ખ્રિસ્તી વસ્તીમાં કોઈ હિન્દુ ઉમેદવાર ચૂંટાય તો તે સાચા અર્થમાં દ્વીજ છે અને સાચા અર્થમાં સર્વ પંથ સમાદર છે. અસ્તુ.

લેખન- સુરેશ ગાંધી.

### આપ સરકારની ઘરે-ઘરે રાશન યોજના પર કેન્દ્રએ બ્રેક મોરી

# પિત્ઝા-બર્ગરની હોમ ડિલિવરી થઈ શકે તો રાશન નહિ કેમ નહિ?: કેજરીવાલ આગ બબૂલા



ન્યુ દિલ્હી,તા.૬

કેન્દ્ર સરકાર તરફથી દિલ્હી સરકારની 'ઘરે-ઘરે રાશન યોજના' પર પ્રતિબંધ લગાવતા મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે રવિવારે એક પત્રકાર પરિષદ યોજી હતી. તેમણે કહ્યું કે આ યોજનાના અમલીકરણ માટે તમામ તૈયારીઓ કરવામાં આવી હતી, તો પછી તમે બે દિવસ પહેલા કેમ તેને રોકી દીધી? કેજરીવાલે કહ્યું કે તમે આમ કહીને અમારી યોજના નામંજૂર કરી કે અમે કેન્દ્રની મંજૂરી લીધી નથી. પરંતુ અમે આ યોજના માટે ૫ વખત કેન્દ્રની મંજૂરી લીધી હતી.મુખ્યમંત્રી કેજરીવાલે કહ્યું, આગામી સપ્તાહથી ઘરે-ઘરે રશન યોજના શરૂ થવાની હતી. આ માટેની તમામ તૈયારીઓ થઈ ચૂકી છે, પરંતુ કેન્દ્રએ અચાનક બે દિવસ પહેલા જ તેના પર પ્રતિબંધ લગાવી દીધો? વડાપ્રધાનજી આજે હું ખુબ જ વ્યથિત છું. જો આજે મારાથી કોઈ ભૂલ થઈ જાય તો માફ કરી દેજો. વડાપ્રધાનજી, રાજ્ય સરકાર આ યોજના માટે સક્ષમ છે. અને અમે કેન્દ્ર સાથે કોઈ વિવાદ ઈચ્છતા નથી. અમે તેનું નામ મુખ્યમંત્રી ઘરે-ઘરે રાશન યોજના રાખ્યું હતું. તે પછી તમે કહ્યું હતું કે યોજનામાં મુખ્યમંત્રીના નામનો સમાવેશ કરી શકાશે નહીં. અમે તમારી વાત માનીને નામ દૂર કરી નાખ્યું. ત્યારે હવે તમે અમારી યોજનાને એમ કહીને નકારી દીધી છે કે અમે કેન્દ્રની પરવાનગી લીધી નથી. અમે આ યોજના માટે ૫ વખત કેન્દ્ર સરકારની મંજૂરી લીધી છે.

કેજરીવાલે વધુમાં જણાવ્યુ હતું કે 'આ દેશમાં જો સ્માર્ટફોન, પિઝાની હોમ ડિલિવરી થઈ શકે છે તો રાશનની કેમ નહીં? શું તમને રાશન માફિયા પ્રત્યે સહાનુભૂતિ છે, વડાપ્રધાન સર? તે ગરીબ લોકોની વાત કોણ સાંભળશે? કોર્ટમાં અમારી યોજના સામે કેન્દ્રને જો કોઈ વાંધો નથી તો હવે કેમ તેને નકારી કાઢવામાં આવી રહી છે? ઘણા ગરીબ લોકોએ નોકરી ગુમાવી છે. લોકો બહાર જવા માંગતા નથી, તેથી અમે ઘરે-ઘરે રાશન મોકલવા માંગીએ છીએ.

### ભારે વિરોધ બાદ હોસ્પિટલે આદેશ પાછો લીધો

# દિલ્હીની જીબી પંત હોસ્પિટલમાં નર્સ સ્ટાફના મલયાલમ બોલવા પર પ્રતિબંધ મૂકાતા વિવાદ

ન્યુ દિલ્હી,તા.૬

દિલ્હીની જીબી પંત હોસ્પિટલમાં નર્સિંગ સ્ટાફના 'મલયાલમ'માં બોલવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો જે આદેશને ૨૪ કલાકમાં જ પાછો ખેંચી લેવામાં આવ્યો છે. દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈને હોસ્પિટલ પ્રશાસનને આ અંગેનો આદેશ પાછો ખેંચી લેવા કહ્યું હતું. દિલ્હી સરકારે આ પ્રકારનો આદેશ જાહેર કરવાને લઈ જીબી પંત હોસ્પિટલના એમએસને મેમો પણ પાઠવવામાં આવ્યો છે. હકીકતે જીબી પંત હોસ્પિટલે એક દિવસ પહેલા આદેશ આપ્યો હતો કે, નર્સિંગ સ્ટાફ ફક્ત હિન્દી કે અંગ્રેજી ભાષામાં જ વાતચીત કરે. આ ૨ ભાષાને છોડીને અન્ય કોઈ ભાષામાં વાત કરતા પકડાવા પર કાર્યવાહી કરવામાં આવશે તેવી ચેતવણી પણ આપવામાં આવી હતી. એક ફરિયાદ બાદ જીબી પંત હોસ્પિટલે આ પ્રકારનો સર્ક્યુલર બહાર પાડ્યો હતો.

હોસ્પિટલ પ્રશાસનને મળેલી ફરિયાદમાં કહેવામાં આવ્યું હતું કે, નર્સિંગ સ્ટાફ પોતાની લોકલ ભાષામાં વાત કરે છે. ફરિયાદકર્તાના કહેવા પ્રમાણે તેના કારણે દર્દીઓને તેમની વાત સમજવામાં મુશ્કેલી પડે છે. હોસ્પિટલમાં નર્સિંગ સ્ટાફ અંદરોઅંદર વાત કરવા મલયાલમ ભાષાનો ઉપયોગ કરતો હોવાની ફરિયાદ પર હોસ્પિટલે આ પ્રકારનું સર્ક્યુલર બહાર પાડ્યું હતું. જીબી પંત હોસ્પિટલના આ ફરમાનનો ભારે વિરોધ થયો હતો. સમગ્ર મુદ્દાએ રાજકીય રૂપ ધારણ કરી લીધું હતું અને અનેક નેતાઓએ તેનો ખુલીને વિરોધ પણ કર્યો હતો. કેરલમાં વાયનાડના સાંસદ અને કોંગ્રેસના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ આ ફરમાનને ભાષાના આધાર પર ભેદભાવ ગણાવ્યું હતું. સાથે જ મલયાલમ પણ અન્ય ભાષાઓ જેટલી જ મહત્વની ભારતીય ભાષા છે તેમ પણ કહ્યું હતું. વિવાદ વકરતા દિલ્હી સરકારે હોસ્પિટલને આદેશ પાછો લેવા કહી દીધું હતું.

# સરકાર બનાવવા આરબ પાર્ટી અને યહૂદી પાર્ટીએ હાથ મિલાવ્યો

જેરુસલેમ,તા.૬

ઈઝરાયેલમાં તાજેતરમાં હમાસ સાથેના ઘર્ષણના પગલે યુધ્ધ જેવી સ્થિતિ ઉભી થઈ હતી. એ પછી દેશના કેટલાક વિસ્તારોમાં યહૂદીઓ અને આરબો વચ્ચે પણ ટકરાવ થયો હતો.

જોકે હવે ઈઝરાયેલના રાજકારણમાં ઐતિહાસિક વળાંક આવ્યો છે. ઈઝરાયેલની રચના થઈ એ પછી આવી રાજકીય પરિસ્થિતિ ક્યારેય સર્જાઈ નથી. વાત એમ છે કે, દેશમાં એવી સરકાર બનવા જઈ રહી છે જેમાં જમણેરી, ડાબેરી એમ તમામ પ્રકારની વિચારધારા ધરાવતા પક્ષોએ સરકાર બનાવવા માટે હાથ મિલાવ્યા છે અને તેમાં ઈઝરાયેલની એક આરબ પાર્ટી પણ સામેલ થવાની છે. જે સરકાર બનાવવા માટે બહુ મોટો રોલ ભજવી શકે તેમ છે.

આંતરરાષ્ટ્રિય મીડિયાના અહેવાલ પ્રમાણે આ ગઠબંધન સરકારમાં દરેક પાર્ટીનો રોલ રહેશે. કારણકે આમાંની એક પણ પાર્ટી વગર સરકાર ચાલી શકે તેમ નથી. વિરોધ પક્ષના નેતા યેર લાપિદે રાષ્ટ્રપતિ રુવેન રિવલિનને મળીને ગઠબંધન સરકાર રચવા માટે પુરતી બહુમતી હોવાનો દાવો પણ કર્યો હતો.ઈઝરાયેલના પત્રકાર અંશેલ ફેફરનુ કહેવુ છે કે, વિશ્વાસનો મત લેવાય ત્યાં સુધી જે પણ થાય પરંતુ આ એક ઐતહાસિક સ્થિત છે. એક આરબ ઈઝરાયેલી પાર્ટી અને એક યહૂદી રાષ્ટ્રવાદી પાર્ટી સરકાર બનાવવા માટે સાથે આવ્યા છે. ફેફરે એક તસવીર પણ શેર કરી હતી. જેમાં ઈઝરાયેલની જમણેરી વિચારધારાવાળા પાર્ટી યામીના પાર્ટીના નેતા નેફતાલી બેનેટ સાથે આરબ પાર્ટી રામના પ્રમુખ મંસૂર અબ્બાસ નજરે પડી રહયા છે.

આરબ પાર્ટીના પ્રમુખ મંસૂર અબ્બાસ એક ડોક્ટર છે અને તેઓ વિદ્યાર્થી કાળથી રાજનીતિમાં સક્રિય છે. હિબ્રુ યુનિવર્સિટીમાં ભણતી વખતે તેઓ આરબ સ્ટુડન્ટ કમિટિના પ્રમુખ પણ હતા. તેમની પાર્ટીને ઈઝરાયેલના દક્ષિણ હિસ્સામાં ભારે જનસમર્થન પણ મળ્યુ છે. સંસદમાં સામેલ થવા કોઈ પણ પાર્ટીને ઓછામાં ઓછા ૩.૨૫ ટકા મત મળવવા જરુરી હોય છે.

ઈઝરાયેલની રાજનીતિમાં મંસૂર અબ્બાસની ગણતરી એક સિધ્ધાંતવાદી નેતા તરીકે થાય છે. તેમના નિકટના લોકોનુ કહેવુ છે કે, અબ્બાસ માને છે કે ઈઝરાયેલમાં રહેતા આરબ સમુદાયનો વિકાસ કરવો હશે તો યહૂદી રાજકીય પક્ષ સાથે હાથ મિલાવવો પડશે.ઘણા આરબ નેતાઓએ આ નિવેદનનો વિરોધ પણ કર્યો હતો. અન્ય આરબ પાર્ટીઓએ તેમને પોતાના ગઠબંધનમાં સામેલ પણ નહોતા કર્યા.

# મોદી હૈ તો મુમકિન હૈ: ભોપાલમાં પેટ્રોલ ૧૦૩ રૂપિયે લિટર




ભોપાલ,તા.૬

પેટ્રોલ અને ડીઝલની કિંમત સતત વધી રહી છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલનાં ભાવમાં થયેલા વધારાની અસર સ્થાનિક બજારમાં તેલની કિંમતો પર પડી રહી છે. સ્થિતિ એવી છે કે આ મહિનાનાં છેલ્લા ૫ દિવસમાં પેટ્રોલ ૪ રૂપિયા પ્રતિ લિટરથી વધુ મોંઘું થઈ ગયું છે, જયારે ડીઝલ ૫.૧૭ રૂપિયા પ્રતિ લિટર મોંઘુ થઇ ગયુ છે. ગયા મહિને પણ પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ૧૬ ગણો વધારો કરવામાં આવ્યો હતો. આજે પેટ્રોલનો દર ફરી એક વખત વધ્યો છે. વળી આજે ડીઝલનો દરમાં પણ ફેરફાર થયો છે.

દિલ્હીમાં ૬ જૂને એટલે કે આજે પેટ્રોલનો ભાવ પ્રતિ લિટર ૯૫.૦૩ રૂપિયા અને ડીઝલનો ભાવ ૮૫.૯૫ રૂપિયા પર પહોંચી ગયો છે. આ પહેલા ૫ જૂને પેટ્રોલની કિંમત રૂપિયા ૯૪.૭૬ અને ડીઝલની કિંમત પ્રતિ લિટર ૮૫.૬૬ રૂપિયા હતી. આપને જણાવી દઈએ કે, ગઈકાલે પેટ્રોલની કિંમતમાં ૨૭ પૈસા અને ડીઝલની કિંમતમાં લિટર દીઠ ૨૮ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો. આ મહિનાની શરૂઆતમાં એટલે કે ૧ જૂનનાં રોજ પેટ્રોલનાં ભાવમાં પ્રતિ લિટર ૨૬ પૈસા અને ડીઝલનાં ભાવમાં ૨૩ પૈસા પ્રતિ લિટર વધારો કરવામાં આવ્યો છે. વળી, છેલ્લા ૨૦ દિવસમાં ડીઝલ ૫.૧૭ રૂપિયા પ્રતિ લિટર અને પેટ્રોલ ૪ રૂપિયા મોંઘુ થયું છે.ઉલ્લેખનીય છે કે, પેટ્રોલ અને ડીઝલનાં ભાવ દરરોજ સવારે ૬ વાગ્યે બદલાય છે અને સવારે ૬ વાગ્યે અપડેટ થઇ જાય છે. નવા દર સવારે ૬ વાગ્યાથી લાગુ થશે. જેમાં પેટ્રોલ અને ડીઝલનાં ભાવ એકસાઈઝ ડ્યુટી, ડીલર કમિશન અને અન્ય વસ્તુઓ ઉમેરીને લગભગ બમણો થાય છે.

# ઉ.પ્રદેશના ભાજપ પ્રભારીએ રાજ્યપાલ સાથે મુલાકાત કરતા રાજકારણ ગરમાયું

લખનઉ,તા.૬

સંઘ, ભાજપ અને મોદી-શાહે થોડા દિવસો અગાઉ ઉત્તરપ્રદેશની આગામી વિધાનસભા ચૂંટણી અને ત્યાંની સરકારી સર્જરીને લઈને મહત્વની બેઠક કરી છે. તે પછી યુપીના રાજકારણમાં હલચલ તેજ થઈ ગઈ છે. ભાજપના પ્રદેશ પ્રભારી રાધા મોહન સિંહ શનિવારે દિલ્હીમાં રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડાની સાથે હાજર હતા અને અચાનક લખનઉ આવી ગયા. રવિવારે રાજ્યપાલ આનંદીબેન પટેલ સાથે મુલાકાત કરવા પહોંચ્યા છે. તેની સાથે જ એક વખત ફરી યોગીના મંત્રીમંડળમાં ઉથલપાથલની ચર્ચા થઈ ગઈ છે. પ્રાપ્ત માહિતી મુજબ, રાધા મોહન સિંહ વિધાનસભા અધ્યક્ષ હૃદય નારાયણ દીક્ષિતને મળી શકે છે.

રાજ્યપાલને મળવા જતા પહેલા રાધા મોહન સિંહે કહ્યું કે જયારથી હું પ્રદેશનો પ્રભારે બન્યો છું, ત્યારથી રાજ્યપાલ સાથે મુલાકાત થઈ નથી. આ એક શિષ્ટાચાર ભેટ છે. મંત્રીમંડળ વિસ્તરણના સવાલ પર તેમણે કહ્યું કે જે પણ જગ્યા ખાલી છે, તે માટેનો ઉચિત સમય જશે તો તેને મુખ્યમંત્રી પોતે જ ભરશે. મુખ્યમંત્રીના સવાલ પર તેમણે કહ્યું કે સીએમ સારુ કામ કરી રહ્યાં છે. કોરોનાથી ઉગરવા માટે તેમણે કેવુ કર્યું. તે બધા જાણે છે.

રાધા મોહને કહ્યું- સરકાર અને સંગઠન સારી રીતે કામ કરી રહ્યાં છે. કેટલાક લોકો તેમના મનમાં આવે તેવું કઈ પણ કહે છે. અમે પંચાયત ચૂંટણીમાં સારુ પ્રદર્શન કર્યું છે. પહેલા સ્થાનિક પાર્ટીની ગ્રામીણ ક્ષેત્રોમાં વધુ સીટો હતી, જોકે આ વખતે અમે વધુ સીટો જીતી છે. જિલ્લા પંચાયતની ચૂંટણીમાં પણ સારુ પ્રદર્શન કર્યું અને જિલ્લા પંચાયત અધ્યક્ષ ચૂંટણીમાં પણ સારુ પ્રદર્શન કરીશું.

પ્રદેશ અધ્યક્ષ સ્વતંત્ર દેવે મંત્રીમંડળ વિસ્તારના સવાલ પર કહ્યું કે મુખ્યમંત્રી ખૂબ જ મેહનતુ છે. ૨૪ કલાક કામ કરે છે. કાયદો વ્યવસ્થા યોગ્ય છે. આ પહેલા જે લોકોની સરકાર રહી, તમે લોકોએ તેને જોઈ છે, કઈ રીતે એક પાર્ટીની સરકાર રહી છે. ભ્રષ્ટ્રાચારની સરકાર રહી છે.

દિલ્હીથી લખનઉ આવેલા પ્રભારી રાધા મોહન સિંહે શનિવારે મોડી રાતે પ્રદેશ મુખ્યાલયમાં પ્રદેશ અધ્યક્ષ સ્વતંત્ર દેવ સિંહ અને મહામંત્રી સુનીલ બંસલની સાથે બેઠક કરી. પ્રાપ્ત માહિતી મુજબ બેઠકમાં રાષ્ટ્રીય અધ્યક્ષ પાસેથી મળેલા દિશા-નિર્દેશ પર ચર્ચા થઈ. રાધા મોહન

# ભાજપ નેતા શુભેન્દુ અધિકારી અને તેમના ભાઈ વિરુદ્ધ રાહત સામગ્રી ચોરવાનો આરોપ

કોલકાત્તા,તા.૬

પશ્ચિમ બંગાળમાં ભાજપના નેતા શુભેન્દુ અધિકારી અને તેના ભાઈ સોમેન્દુ સામે FIR નોંધાઈ છે. તેમના પર નગરપાલિકામાંથી રાહત સામગ્રી ચોરી કરવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. કાંઠી નગરપાલિકા વહીવટી બોર્ડના સભ્ય રત્નદીપ મન્નાએ ૧ જૂને બીજેપી નેતા અને તેના ભાઈ સામે કાંઠી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. સોમેન્દુ કાંતિ નગરપાલિકાના પૂર્વ પાલિકા પ્રમુખ પણ રહી ચૂક્યા છે.

ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે ૨૯ મેના રોજ બપોરે ૧૨.૩૦ વાગ્યે શુભેન્દુ અને તેના ભાઈના કહેવા પર પાલિકા કચેરીના વેરહાઉસનું તાળુ બળજબરી પૂર્વક ખોલવામાં આવ્યું હતું અને અહીંથી સરકારી ત્રિપાલને લઈ ગયા હતા. તેની કિંમત આશરે એક લાખ રૂપિયા હોવાનું કહેવામાં આવી રહ્યું છે. ફરિયાદમાં કહેવામાં આવ્યું હતું કે, ભાજપના નેતાઓએ ચોરી દરમિયાન સેન્ટ્રલ આર્મ્ડ ફોર્સનો પણ ઉપયોગ પણ કર્યો હતો.

કોલકાતા પોલીસે શુભેન્દુના એક નજીકના સાથીની છેતરપિંડીના કેસમાં ધરપકડ કરી હતી તે દિવસે આ કેસ નોંધવામાં આવ્યો હતો.

# કોરોના તો જશે, પણ શું ચોરોના જશે?

કેટલાક સમયથી આપણે કોરોના નામની બીમારી સામે ઝઝૂમી રહ્યાં છીએ. અને એ બીમારીને દૂર કરીને જ રહીશું. પણ ઘર કરી ગયેલી ચોરોના નામની બીમારીનું શું ?

કોરોનાથી થતું નુકશાન તુરંત દેખાય છે. એટલે હાહાકાર મચી ગયો. પણ ચોરોનાથી થતું નુકશાન એટલું જલ્દી નથી દેખાતું અને એટલે જ ચોરોના ઘર કરી ગયો છે.

આજે સમાજમાં બધાં જ ક્ષેત્રોમાં ચોરોના વાયરસ ફેલાઈ ચૂકેલો જ છે. જો ભગવાન ઈશુના એ વાક્યને સ્થાન આપવામાં આવે કે, ×એ હાથ જ પથ્થર ઉપાડે જેણે કોઈ પાપ ના કર્યું હોય.× તો કેટલાં બાકાત રહે? તો પણ વધુ દુ:ખ શિક્ષણક્ષેત્ર અને મેડિકલક્ષેત્ર માટે થાય છે.

શિક્ષણક્ષેત્ર એટલે માનવ જીવનનો પાયો. આજે ઠેર-ઠેર વેચાતાં સર્ટીઓ અને વેચાતી નોકરીઓ વિશે સાંભળીએ છીએ ત્યારે હૈયું ચીરાઈ જાય છે. ×છોકરાની સગાઈ નથી થતી સાહેબ ગમે તેટલા રૂપિયા થાય ખેતરાં વેચી દઈશ પણ નોકરી અપાવો.× આ સાંભળતા મા ભોમ કેવું રડતી હશે ? જેણે સાચી મહેનતથી ડીગ્રી મેળવી છે એને રીશ્વત દેવા રૂપિયા નથી કે રીશ્વતખોર નોકરી સ્વીકાર્ય નથી એવાં લોકો હોંશિયાર હોવાં છતાં ઓછી આવકમાં જીવન જીવી રહ્યાં છે. કયારેક આવાં સાચા શિક્ષણાર્થીનું હૈયું વાંચો તો ખબર પડે. શિક્ષણ જગતની આ જે ઘોર ખોદાઈ રહી છે એમાં માનવતા હોમાઈ રહી છે. પરિણામે આપણું યુવાધન પરદેશ તરફ વળ્યું છે.

મેડિકલક્ષેત્ર, ડૉક્ટર એટલે બીજો ભગવાન. ડૉક્ટર્સ કે હોસ્પિટલ કર્મચારીઓએ સેવા કરતાં પોતાના જીવ ગુમાવ્યાં છે. એ સૌને શત શત પ્રણામ. તેમછતાં આજે આપણે અહીં પણ ચોરોનાને જોઈએ છીએ. નકલી દવાઓથી અનેક લોકોના જીવ ગયાં છે. સ્વજનને સાજો કરવા માટે અનેક ગરીબોએ ઘર-બાર વેચ્યાં છે. આ બે ક્ષેત્રમાં તો ચોરોનાએ માનવતને ઉખેડી ફેંકી. તો પણ કોરોના જેટલો હાહાકાર ચોરોના માટે નથી. કેમ ?

ખરેખર જો કોઈએ દેશભક્તિ કરવી જ હોય તો એણે સમાજમાંથી આ ચોરોનાના રોગીષ્ટોને વીણી વીણીને ખુલ્લા પાડવા પડે. અત્યારે સજ્જન વ્યક્તિઓની સ્થિતિ કફોડી બનતી જાય છે. પરિણામે દેશ કઈ હાલતમાં મૂકાશે એ જ સવાલ છે. કોરોનાની રસી શોધાઈ, પણ શું ચોરોનાની શોધાશે ?

જ્યોતિ આચાર્ય. અમદાવાદ

NOG.SS.No : 0027 સાહીત્ય સરિતા ગ્રુપ

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




NOG SS NO— 0103
**વિષય- કોરોના**
**વિભાગ- ગદ્ય**
**શીર્ષક-માનવતાની મહેંક**

એક હતો ડોશો , અને એક હતી ડોશી. ઇશ્વર રચિત દુનિયામાં જન્મ થતાં તેઓનાં મા-બાપે નામ તો પાડયું હતું , પણ આજે ઘડપણે સંતાનો તરફથી મેળવેલી ભેટ ,એટલે તેઓનાં નામનું ડોશા-ડોશી નામમાં પરિવર્તન થયું હતું.

ડોશા-ડોશીનું જીવન, વૃક્ષ રૂપી વડલો બની ઘરને છાયામાં રાખી રક્ષણ કરતું હતું, પણ ધનની લાલસા સાથે સંતાનોએ વૃક્ષને મૂળિયાથી જ જુદું પાડી દીધું હતું.

ગામનાં અંતરિયાળ ભાગમાં રહેતાં ડોશા-ડોશીનું જીવન કષ્ટમય ,તો હતું,પણ આ કોરોનાની મહામારીમાં તો તેઓનું જીવન જીવવા માટે દુષ્કર બની ગયું હતું.

કોરોનાનાં ભયને, કારણે ગામનાં લોકો ગભરાઇને ઘરમાં જ કેદનું જીવન જીવવા મજબૂર બની ગયાં હતાં.ગામની શેરીઓ સૂમસામ બની ગઇ હતી.

દિવસભરનો અપવાસી ડોશો આજે ડોશીનાં ખાટલા આગળ બેસી તેની સારવાર કરતો હતો. આ મહામારીએ તેને મળતી નહિંવત મંજૂરી, પણ ઝૂંટવી લીધી હતી.

અશક્ત શરીરે,પણ ડોશીએ રામનામની માળા કરવાની છોડી
ન હતી.

પેટ્રોલિંગ કરતાં સુપરિન્ટેન્ડેન્ટ અજયસિંહની નજર ડોશા-ડોશીનાં ઘરનાં અર્ધ ખૂલ્લા બારણે પડી હતી.ઘરની પરિસ્થિતિ દરિદ્રતાની છડી પોકારતી હતી.

અજયસિંહનું લાગણી વત્સલ □દય ડોશા-ડોશીની લાચારી જોતાં દ્રવિત થઇ રડી પડ્યું હતું.

થોડીવારમાં જ અજયસિંહ હાથમાં મહિનાભરનાં રાશન સાથે ડોશા-ડોશીનાં દરવાજે દસ્તક કરી ઉભો હતો.

ઇશ્વર કૃપા મેળવતાં ડોશા-ડોશીની આંખોમાં ઝળઝળિયાં બિન્દુ બની વર્ષી રહ્યાં હતાં.

ઇશ્વર તરફનાં વિશ્વાસે આજે જીત મેળવી હતી.

અજયસિંહ માટે લાગણી , અને પ્રેમ દર્શાવવા સંબંધની કોઇ લેબલની જરૂર ન હતી, પણ સ્વર્ગવાસી માબાપની યાદ આવતાં તેનામાં માનવતાનું પ્રાગટ્ય થયું.

અજયસિંહે ડોશા-ડોશીને દત્તક લેતાં તેનાં બાળકોએ બા-બાપુજીનાં નામથી સંબોધન કરીને ડોશા-ડોશીને આવકાર્યા હતાં.

બા-બાપુજીનાં નામનો અધિકાર પ્રાપ્ત થતાં તેઓનાં જીવનમાં નવ પ્રભાતનો ઉજાશ પથરાય ગયો હતો. સંકડાશ ઘરની જગ્યામાં નથી હોતી,પણ લોકોનાં દિલમાં હોય છે.કોરોનારૂપી સંગ્રામની સામે ધર્મની ધજા લહેરાતી રહી હતી. આખરમાં અજયસિંહ જેવાં સેવાભાવી લોકોનાં પૂણ્યથી કોરોનારૂપી મહામારીનો અંત આવવાનો જ છે.

નિલમ દોશી
મુંબઇ

---

NOG SS No : 0048
**વિષય - કોરોના - સામાજિક જીવનનાં અનુભવો**
**પ્રકાર - ગદ્ય (લેખ)**
**★શીર્ષક - કોરોના અને સામાજિક જીવન★**

દરેક સિક્કાની બે બાજુ હોય છે, શક્ય છે કે એક બાજુ વરવી અને બીજી સારી હોય ! કોઈ પણ વસ્તુ કે પરિસ્થિતિને જોવાનાં અને મૂલવવાનાં દરેકનાં દ્રષ્ટિકોણ અલગ હોય. જાન્યુઆરી ૨૦૨૦માં કોરોના નામની વૈશ્વિક મહામારીએ ભારતમાં પગપેસારો કર્યો અને બે મહિનામાં એણે ભારતની જનતાને ભરડામાં લેવાનું ચાલુ કર્યું. એનાં પગલે ૨૪ માર્ચ, ૨૦૨૦ થી ૧૮મે, ૨૦૨૦ નાં સમયગાળામાં ભારતમાં લોકડાઉન લદાયું.

આ વૈશ્વિક મહામારીએ કેટલાંય શબ્દોને આપણાં જીવનમાં વણી લીધાં - સોશિયલ ડિસ્ટન્સ, ક્વોરેન્ટાઈન, આઈસોલેશન, લોકડાઉન. જો સૂક્ષ્મ રીતે જોઈએ તો એનો અર્થ થાય, પિંજરામાં કેદ થવું. આ લોકડાઉને આપણને પિંજરામાં પૂરાતાં અબોલ જીવોની વેદના સમજાવી, સંબંધોની સંવેદનાનો અનુભવ કરાવ્યો.

જેમ દરેક સિક્કાની બે બાજુ હોય, એમ આ મહામારીએ પણ સમાજનાં બે પાસાંઓ બતાવ્યા છે. એકબીજાથી કતરાતાં માણસો, આજે માણસને મળવા ઝંખતાં હોવા છતાં મળી શકતાં નથી. લાગણીથી વિમુખ થયેલો માણસ અબોલ પ્રાણીઓ પ્રત્યે સંવેદનશીલ બન્યો છે. પોતાનાં મોબાઈલ અને સોશિયલ મીડિયામાં પ્રવૃત રહેતાં માણસને આઈસોલેશન દરમિયાન માનવ સંગાથની ઝંખના પ્રબળ બની છે.

એક તરફ આર્થિક ભીસમાં આવેલ જનતા છે, તો બીજી તરફ સામાન્ય મધ્યમવર્ગીય માનવીથી લઈને સેવાભાવી સંસ્થાઓ જરૂરિયાતમંદને પોતાનાથી બનતી સહાય કરે છે. બાળકોએ દ્રષ્ટાંતરૂપ બની પોતાનાં પોકેટમની રાહતકાર્ય માટે આપ્યાં છે.

લોકડાઉન દરમિયાન પરિવારોમાં કોઈ કારણસર તિરાડ પડી છે, તો કેટલાંય પરિવારનાં અણબનાવો અને મતભેદો દૂર થયાં છે. આ જ સમયમાં પરિવારની હૂંફ ઈચ્છતાં એકલવાયા લોકોને સહારો આપવા લોકો સ્વૈચ્છિક રીતે આગળ આવ્યાં છે, તો કેટલાંય લોકો પરિવારથી વિખૂટાં પડ્યાં છે. આ મહામારી દરમિયાન આપણને સૌને કેટલાંય સ્વજનોની વસમી વિદાયનો અહેસાસ થયો છે.

સેનિટઈઝર અને માસ્ક જેવી ચીજવસ્તુઓ રોજિંદી જરૂરિયાતમાં સામેલ થઈ છે. કોરોના પહેલાંનું સામાન્ય (નોર્મલ) ગણાતું જીવન, હવે નવા રૂપરંગ સાથે નવું સામાન્ય (ન્યુ નોર્મલ) બન્યું છે. લગ્ન અને અન્ય પ્રસંગોમાં ધામધૂમથી થતી ઉજવણી હવે ૨૫-૫૦ લોકોની હાજરીમાં સાદાઈથી ઉજવાય છે, જેણે દેખાદેખીમાં થતા રિવાજો પર લગામ મૂકી છે.

અંતે, આ મહામારીમાં આપણે ઘણું ગુમાવ્યું હશે, પણ સાથે પરિવારનું મૂલ્ય અને કુટુંબપ્રેમને સમજ્યાં પણ છીએ. આ મહામારીએ માનવતા ધર્મને ઉજળો કર્યો છે.

પ્રકૃતિ શાહ 'પ્રીત'

---

NOG SS No : 101
**વિષયઃ સામાજિક જીવનમાં પારિવારિક હૂંફ**
**પ્રકાર - ગદ્ય.લેખ**
**શીર્ષકઃ વેદના પ્રત્યાઘાત અને પાડોશીઓની હૂંફ.**

કોરોના કાળમાં બનતી ઘટનાઓની લઘુકથાઓમાં ઉપસ્થિત થતી અંતરવેદનાનો અજંપો અને માનવતાંનું ભાવન કરીયે.

રવજીએ પડખું ફર્યું બાજુની ખાલી પથારીમાં હાથ ફેરવ્યો આંખોમાંથી અશ્રુધારા વહી ગઈ કાલે પચાસ વરસનો સથવારો કોરોનાને કારણે વિખૂટો પડ્યો.

નેતાજી નિવાસની સામેની ફૂટપાથ પર વર્ષોથી બેસતાં ખીમજીને પોલીસે દૂર કર્યો કોરોનાના પ્રોટોકોલને કારણે . બીજે ક્યાંયથી સહાય પણ ન મળી અને કુટુંબનું ભરણપોષણ ન કરી શકવાથી ખીમજીએ પરિવાર સહિત આત્મહત્યા કરી અને ચિઠ્ઠીમાં તૂટ્યા ફૂટ્યા આજે પંદર વર્ષે બન્ને એકબીજાની સામે આવ્યા કઈ કેટલીયે યાદો સજીવન થઈ ગઈ હજુ કશું બોલવા જાય પાસે જાવા જાય તેને રોકી મેડિકલ સ્ટાફ એમ્બ્યુલન્સમાં સ્ટ્રેચર મૂક્યું ને ધીરે ધીરે સાયરનનો અવાઝ ધીમો થતો ગયો.

કોરોના પ્રોટોકોલને કારણે સંતાનો એ દાદાજીને કહ્યું તમારાથી સ્મશાને નહી આવી શકાય દાદાજી ધીમે પગલે પોતાના રૂમ તરફ આગળ વધ્યા કબાટમાંથી લાલ સાડી બહાર કાઢી રહદય સરસી ચાંપી ધ્રુસકે ધ્રુસકે રડવાં લાગ્યા.

આવા સમયે પરિવારની હૂંફ જીવન જીવવાની શક્તિ આપે છે નહીતો ખીમજી મોચી જેવી ઘટના બની શકે છે.

ત્યારે આ કોરોનાના વિપરીત કાળમાં પરિવારની વ્યાખ્યામાં પાડોશીઓ ને પણ સામેલ કરવા પડશે. કહેવાય છે ને કે પહેલો સગો પાડોશી તે વાત કોરોના કાળમાં સો ટકા સાચી પડી છે. આપણે કેટલાય કિસ્સામાં જોયું છે કે પતિ કે પત્ની કે સંતાન કે માબાપ કે અત્યંત નજીકના સગાનાં મૃત્યુ વખતે લોકો સ્વજનો પાસે જઈ શક્યા નથી કોરોનાને કારણે ત્યારે પાડોશીઓએ પરિવારની સંપૂર્ણ કાળજી લીધી છે ને મરણોત્તર ક્રિયાઓ પાર પાડી છે તથા જ્યારે પરિવારના એક કે બધાં સભ્યો કોરોનાનો ભોગ બન્યા હોઈ ત્યારે ટિફિન પહોંચાડવા દવાઓ લાવી આપવી ઓક્સિજન કોન્સનટ્રેટરની વ્યવસ્થા કરી હૂંફ પહોંચાડી છે. અને હજારો પરિવારોને કોરાના સામે લડત આપી બહાર લાવ્યા છે નવજીવન આપ્યું છે.

લેખનઃ ભરત સાંગાણી.

---

NOG.SS.No ; 0079
**વિષયઃ પરિવારની હૂંફ**
**પ્રકાર - ગદ્ય**
**શીર્ષક : "ક બનાવે કુટુંબ"**

'કહ્ કક્કાનો પહેલો અક્ષર છે. જેનાથી કુટુંબ બને. કોરોનાનીપણ એ જ રાશિ છે. કોરોનાની મહામારીમાં કુટુંબ ખૂબ મોટોભાગ ભજવે. કુટુંબનાં સભ્ય એકબીજાને હૂંફ પૂરી પાડી.પ્રેમ અને લાગણી નો ધોધ વહાવ્યો. મોટાભાગનાં તે કોરોનાનાજંગમાં જીત્યા તેની પાછળ કુટુંબના સભ્યોનો સહયોગ સ્પષ્ટજણાય છે.કોરોનાને કારણે થયેલા 'બંધહ્ દરમ્યાન કુટુંબ ખૂબ નજીક આવ્યાછે. બાળકોને માતા અને પિતાનો ભરપૂર પ્રેમ સાંપડ્યો છે.માતા પિતા જીવનમાં હંમેશા ખૂબ વ્યસ્ત હોવાને કારણે બાળકોઉપેક્ષિત થતાં તે પ્રત્યે બેદરકારી દાખવતા . હંમેશા સિક્કાની બે બાજુ હોય છે એ આપણને સહુને ખબર છે.માતા પિતાનાં સમય અને પ્રેમ ખાતર વલખાં મારતા બાળકોસમાજમાં ચારેકોર જણાતા હતાં. આજે તેમના મુખ પર સંતોષની ઝલક ઉપસી આવી છે.અરે, પતિ અને પત્ની, એકબીજાને આવશ્યકતાનો અંદાજ આવીગયો છે. સોફા પર બેસી પત્નીને હુકમ છોડતો પતિ, પત્નીને મદદકરતો થઈ ગયો છે. પતિની આંખો ખૂલી છે કે, 'પત્ની અને માતા"રૂપે સ્ત્રી કેવો ભાગ ભજવે છે. એકબીજાની કદર કરતા શીખવ્યું હોય તો કોરોનાએ કુટુંબમા વડીલોને હૂંફ સાંપડી. કોરોનાના શિકાર થયાં તો તેમનીગેરહાજરી અનુભવી. શિસ્ત અને સહાનુભૂતિ નું વર્ચસ્વ ચારેકોર ફેલાયું.કુદરત કમાલ તારી, માનવીની આંખ ઉઘાડવા 'કોરોનાની સોટીમારીહ. જીવનમાં ગમે તેટલા ઉન્નતિનાં શિખર સર કરે, ઢગલાબંધ પૈસા કમાય, કિંતુ જો કુટુંબનો સાથ, સહકાર અને સ્નેહ નહિ હોય તો સઘળું વ્યર્થ.

પ્રવિણા કડકિઆ.હ્યુસ્ટન.અમેરિકા

બીજુ શું જોઈએ યાર!!??....

---

સાવ નિરોગી કાયા હોય,
સંતાનો બધાય ડાહ્યા હોય,
માવતરની અમૂલ્ય છાયા હોય, તો....
બીજુ શું જોઈએ યાર!!?....

ફટ ઊંઘ આવી જતી હોય,
નીતિ તરફ જ ગતિ થતી હોય,
દયાભાવ સદા ગરીબ પ્રતિ હોય,
તો....
બીજુ શું જોઈએ યાર!!?.....

સંપીલો પુરો પરીવાર હોય,
મગજ પર સાવ ન ભાર હોય,
નિર્દોષ ખુશીઓની જ ભરમાર હોય,
તો....
બીજુ શું જોઈએ યાર!!?....

મિત્રો સારા ને પ્યારા હોય,
સમજુ ને લાગણીશીલ દારા હોય,
જીવંત જીવનની ધારા હોય, તો.....
બીજુ શું જોઈએ યાર!!?....

જરૂર પુરતી જ ભલે વિત્ત હોય,
શીતળ સદાયે ચિત્ત હોય,
નવો આનંદ નવનીત હોય, તો......
બીજુ શું જોઈએ યાર!!?.....

પેટ ભરીને ખવાતું હોય,
ખાધેલું પચી જાતું હોય,
મોજ ભરેલી જ વાતું હોય, તો.....
બીજુ શું જોઈએ યાર!!?.....

મૃત્યુનું નિત્ય સ્મરણ હોય,
ભલે પછી એ અભણ હોય,
નિર્દમ્ભ જીવવાની લઢણ હોય,
તો.....
બીજુ શું જોઈએ યાર!!?....

વડલાની સેવા થતી હોય,
બિલકુલ ઠરેલ મતિ હોય,
ભરોસો નિજ પર અતિ હોય, તો.....
બીજુ શું જોઈએ યાર!!?....

સુંદર મજાનો સ્વભાવ
હોય,
ભલેને રૂપિયાનો અભાવ હોય,
ભીતરી ઉજાશનો પ્રભાવ હોય,
તો.....
બીજુ શું જોઈએ યાર!!?...

આવું પામે એ જ અમીર હોય,
ફરીયાદ નહી જો ખમીર હોય,
સ્વભાવે શાંત જીવતું ઝમીર હોય,
તો.....
બીજુ શું જોઈએ યાર!!?....
------ અજ્ઞાત.....

## મોડાસામાં વિજ વિભાગનો છબરડો
# એક પંખો, એક ટ્યૂબલાઈટ અને બિલ પકડાવ્યું અધધ...૬ લાખ રુપિયા

અરવલ્લી,તા.૬

મોડાસામાં વીજ વિભાગનો મોટો છબરડો સામે આવ્યો છે. મોડાસાનાં એક શ્રમિક સિરાજભાઇ શેખનાં ઘરમાં એક પંખો અને એક ટ્યુબલાઈટ છે છતાં તેમના ઘરનું વીડ બિલ ૬.૩૨ લાખ રૂપિયા આવ્યું છે. મોડાસામાં એલાયન્લ નગરમાં રહેતા પરિવારે જ્યારે આ બિલ જોયું તો તેમના પગ નીચેથી જમીન સરકી ગઇ હતી. વિજ વિભાગની બેદરકારીને કારણે આ શ્રમિક પરિવારમાં ચિંતા વ્યાપી છે કે, હવે શું કરીશું? હાલ આ મુદ્દો આખા પંથકમાં ચર્ચાનો વિષય બન્યો છે.

આ અંગે મળતી માહિતી પ્રમાણેસ મોડાસાનાં એલાયન્સ નગરમાં રહેતા શ્રમજીવી સિરાજ શેખને ત્યાં અત્યાર સુધી ૩૦૦થી ૪૦૦ રૂપિયા વીજ બિલ આવતું હતું. પરંતુ આ મહિને અચાનક ૬.૩૨ લાખ રૂપિયા વીજ બિલ પોતાના નામે આવેલું જોઇને આંખો પણ ફાટી ગઇ હતી.

તેમના ઘરમાં એક પંખો અને ટ્યુબલાઈટ જ છે. તો પણ આટલું બધું બિલ આવત તેઓ ચિંતામાં મુકાઈ ગયા હતાં. આ પરિવાર એક રૂમમાં જ રહે છે.

આ અંગે સિરાજભાઇ શેખનાં જણાવ્યા પ્રમાણે, અત્યાર સુધી મારું લાઇટ બિલ આટલું બધું આવ્યું નથી. અમારે ૩૦૦ - ૪૦૦ લાઈટ બિલ આવતું હતું પરંતુ અત્યારે ૬ લાખ અને ૩૨ હજાર રુપિયા લાઈટ બિલ આવ્યું છે. હું કોઈ મિલમાલિક નથી. મારા ઘરમાં પંખા અને લાઈટ સિવાય કાંઈ ફરતું નથી. તો આટલું બિલ આવ્યું ક્યાંથી?થોડા મહિનાઓ પહેલા અંકલેશ્વરના હસ્તી તળાવ વિસ્તારમાં પણ આવો જ એક છબરડો સામે આવ્યો હતો. માતૃ હર સલૂન નામના વાળંદની દુકાનનું બિલ ૫.૭૦ લાખ આવ્યું હતું. જેના કારણે દુકાન ધારક ગણેશ વાળંદને હાર્ટ એટેક આવે તેવી પરિસ્થિતિ ઉદ્દભવી છે. એક વ્યક્તિની દાઢી કરી ૩૦ થી ૫૦ રૂપિયા મેળવતા સલૂન સંચાલક ને મહિનાએ સરેરાશ ૧૦ થી ૧૨ હજાર રૂપિયાનું આવતું હોય છે. જે વચ્ચે વીજ નિગમએ વીજ બિલ આપતા તેવો જોઈ પણ ચોકી ઉઠ્યા હતા એક બે રૂપિયા બિલ નહિ પણ પુરા ૫.૭૦ લાખ ઉપરાંતનું વીજ બિલ ભટકાયું હતું.




અખબાર ભવન ગાંધીનગર ખાતે જે મિડિયા કર્મીઓ એ કોરોના માં પ્રભુના ધામ માં ગયા તેમના આત્માની શાંતિ તેમજ પરિવાર ઉપર આવી પડેલ દુ:ખ ને સાંત્વના આપવાનો આજે સવારે ૯ થી ૧૧ ખાતે શ્રધ્ધાંજલી નો કાર્યક્રમ યોજાઈ ગયો..સૌ સ્થાનિક તેમજ જિલ્લાના તેમજ અમદાવાદ થી પત્રકારો પધાર્યા હતા..ઈલેવન ઠાકર અને અખબાર ભવન ના અન્ય પત્રકાર મિત્રો દ્વારા આયોજન હાથ ધરાયેલ .

સ્વર્ગસ્થ સ્નેહીજનો ના આત્માને શાંતિ મળે તેવી જન ફરિયાદ સાપ્તાહિક તેમજ ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક પરિવાર વતી પ્રભુ ને પ્રાર્થના....

# પીજીવીસીએલના બઢતી પ્રકરણમાં ફળદુના બાણેજનો પ્રમોશન અપાતા વિવાદ


ગાંધીનગર,તા.૬

PGVCLના વિવાદી બઢતી પ્રકરણમાં કૃષિમંત્રી આર.સી.ફળદુના કૌટુંબિક ભાણેજ માટે નીતિ નિયમોને નેવે મૂકી પ્રમોશન આપવાના પડઘા ગાંધીનગર સુધી પડ્યા છે. ઉર્જામંત્રીએ બઢતી પ્રકરણનો રિપોર્ટ PGVCLના મેનેજીંગ ડાયરેક્ટર પાસેથી માંગવામાં આવતા નવાજૂની થવાના એંધાણ મળી રહ્યા છે.ઉર્જા મંત્રી સૌરભ પટેલે ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે PGVCLમાં ઈજનેરોની ભરતીના વિવાદના અહેવાલ અંગે મેનેજીંગ ડાયરેક્ટર સાથે ટેલિફોનિક ચર્ચા કરવામાં આવી છે. ૧૦ સિનિયર ઈજનેરોની બઢતી અટકાવવામાં આવી છે અને ઈન્ટરવ્યુ રદ કરવા સહિતના મામલે રિપોર્ટ માંગવામાં આવ્યો છે. ઈજનેરોને પ્રમોશન આપવા માટે ઈન્ટરવ્યુ ગોઠવવામાં આવ્યા હતા. પરંતુ કૃષિમંત્રીના ભાણેજને સાચવવા માટે બબ્બે વખત ઈન્ટરવ્યુ મોકૂફ રાખવામાં આવ્યા બાદમાં ઈજનેરોના યુનિયને રજૂઆત કરતા નવેસરથી ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા. તેમાં પણ ફિક્સીંગ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.ઈન્ટરવ્યુ બાદ કૃષિમંત્રીના ભાણેજ આર.સી.પટેલને રાજકોટ કોર્પોરેટ ઓફિસમાંથી જૂનાગઢના અધિક્ષક તરીકે બઢતી સાથે બદલી કરવામાં આવી હતી અને જૂનાગઢના અધિક્ષક ઈજનેર બી.પી.જોષીની અંજાર બદલી કરવામાં આવી હતી. PGVCLમાં લાગવગશાહીમાં કંટાળી બી.પી.જોષીએ રાજીનામું પણ આપી દીધું છે.

**જીવનમાં શું ખૂટી જવાનું?લૂંટી જવાનું?તૂટી જવાનું,**
**સાચું કહું તો આખરે બધુ છૂટી જવાનું...**

**શાને આટલાં વલખાં મારે, જોને જીવન મળ્યું આજે બે જ ઘડીનું,**
**અલખધણી નાં અલખમાં રહેજે,શાને જીવન જીવવું આજે લડી લડીનું,**
**સાચા શબ્દને શીખજે વ્હાલા બીજું બધુ બસ ઘૂંટી જવાનું..**
**આખરે બધુ છૂટી જવાનું...**

**પૈસો પૈસો સાને કરતો પૈસો તારો ખોટો વ્હાલા,**
**હરી નામનો જાપ જપી લે હરીવર સૌથી મોટો વ્હાલા,**
**હરી નામની લૂંટ થાય ને,હરીને આખા લૂંટી જવાનું,**
**આખરે બધું છૂટી જવાનું...**



**આશિત ધામેચા-**
**આણંદ-**

## શારીરિક અડપલાં કરી મને જાનથી મારી નાંખવાની ધમકી આપીઃ મહિલા
# કરણી સેનાના પૂર્વ પ્રદેશ કાર્યકારી અધ્યક્ષ વિરુદ્ધ છેડતીની ફરિયાદ દાખલ

અમદાવાદ,તા.૬

કરણી સેનાના પૂર્વ પ્રદેશ કાર્યકારી અધ્યક્ષ સામે છેડતીની ફરિયાદ નોંધાઈ છે. હોટલમાં જમવા જવા બાબતે થયેલી મારામારી અને છેડતી અંગે સોલા પોલીસ સ્ટેશનમાં મહિલાએ ફરિયાદ કરી હતી. આ કેસમાં પોલીસે કુલ ૩ આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધી આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

સોલા પોલીસસ્ટેશનમાં એક મહિલાએ રોનકસિંહ ગોહિલ સહિત ત્રણ લોકો સામે છેડતી અને મારામારીની ફરિયાદ નોંધાવી છે. મહિલાનો આક્ષેપ છે કે રોનક સિંહ કરણી સેનાના ગુજરાત પ્રદેશના પૂર્વ કાર્યકારી અધ્યક્ષ અને યુવા જનજાગૃતિ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ઓળખ આપતો હતો.

મહિલાએ શનિવારે રાત્રે પોલીસ સ્ટેશન આવતા તેણે રોનકસિંહ ગોહિલ અને તેના બોડીગાર્ડ વિરુદ્ધ છેડતી, મારામારી અને ધમકી આપી હોવાનો આક્ષેપ કર્યો હતો. પોલીસને તપાસ કરતા ખબર પડી કે મહિલા અને રોનકસિંહ મિત્ર હતાં. શનિવારે સવારે બંને વચ્ચે હોટેલમાં જમવા જવા ફોન પર વાત થઈ હતી. મહિલાએ રોનક સિંહને કહ્યું હતું કે, 'તું જેને લઈને ફરે છે તેને જ હોટલમાં જમવા લઈ જા.' આ બાબતે બંને વચ્ચે ફોન પર ઝઘડો થતાં મહિલા એસજી હાઈવે પર સોલામાં આવેલા એસજી હબ ખાતેની રોનકસિંહની ઓફિસે પહોંચી હતી, જ્યાં બંને વચ્ચે બોલાચાલી થતાં રોનકસિંહ અને તેના બોડીગાર્ડે મહિલા સાથે ઝપાઝપી કરી અડપલાં કર્યાં હતાં અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પોલીસે ગુનો નોંધી આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

# અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં કોરોના કાળમાં પણબાહોશીથી ફરજ નિભાવતા દિવ્યાંગ કર્મી

## દર્દીઓના જુસ્સાને પણ ઉંચે લઈ જતાલીફટમેનશ્રી ગીરીશ ગોહિલ



'સિવીલ હોસ્પિટલમાંલાખો દર્દીઓનેલીફટમાં લઈ જઈ વોર્ડમાં દાખલ કર્યા છે...વોર્ડમાં જતી વખતે હું હંમેશા દર્દીઓને કહેતો કે, ચિંતા ના કરો... કંઈ નહી થાય... મને જૂઓ, મને ભગવાને તકલીફ આપી છે એવી તો તમને નથી ને ! બધુ સારુ થઈ જશે... અને રજા લઈને જતા દર્દીઓને પણ કહેતો ઘરે સાચવજો....'

બસ... સીવીલ હોસ્પિટલમાં લિફટમેન તરીકે સેવા આપતા ગીરીશભાઈ સદાય હસતા ચહેરે ફરજ બજાવે છે... એમને કૂદરત પ્રત્યે કોઈ ફરિયાદ નથી... ગીરીશભાઈ છેલ્લા ૫ વર્ષથી સીવીલ હોસ્પિટલમં ફરજ બજાવે છે. તેઓ કહે છે કે. 'થોડા સમયપહેલા પડી જતા થાપાનું હાડકુ ભાંગી ગયું હતું...હું આ જ હોસ્પિટલમાં દાખલ થયો હતો...મને અહીં સારવાર મળી હતી...અને કૂદરતનો ક્રમ જૂઓ હું આજે અહીંજ એટલે કે સીવીલ હોસ્પિટલમાં દર્દીઓની સેવા કરુ છુ...'

સમગ્ર વિશ્વમાં સને ૧૯૯૨થી ૩જી ડિસેમ્બરના રોજ વિશ્વ અક્ષમતા દિવસ(વર્લ્ડ ડિસેબિલીટી ડે) ઉજવવામાં આવે છે. વિશ્વની ૧૫ થી ૧૭ ટકા વસ્તી ડિસેબીલીટી અનુભવી રહી છે. શારિરીક અથવા માનસિક અક્ષમતા ધરાવતા લોકોને આ દિવસ સમર્પિત કરવામાં આવે છે. ગીરીશભાઈ જેવા લોકો માટે રોજ ડિસેબિલીટી ડે હોય છે...પણ ગીરીશભાઈ જેવા લોકો પોતાની શારીરિક દિવ્યાંગતાનેફરજની આડે નથી આવવા દેતા....

કોરોનાની મહામારી દરમ્યાન પણ ગીરીશભાઈએ દિવસ રાત ફરજ બજાવી છે... એક પણ રજા ભોગવ્યા વિના કોરોનાના કાળમાં દર્દીઓને લિફટમાં લાવવા લઈ જવા ઉપરાંતદાખલ કરવામાં સહાયરૂપ થયો છું....

કોરોના મહામારી વચ્ચે આવેલા વર્લ્ડ ડિસેબિલીટી ડે ૨૦૨૦ની થીમ "બિલ્ટ, બેક અને બેટર" રાખવામાં આવી હતી... દિવ્યાંગલોકો તેમનામાં રહેલી અક્ષમતાને નબળાઇ નહીં પરંતુ તેમની તાકાત બનાવે, તેને સુધારવાની દિશામાં પ્રયત્નો કરવા તે માટે આ થીમ રાખવામાં આવી હતી.... ગીરીશભાઈ જેવી વ્યક્તિઓ આ થીમને સાચા અર્થમાં સાકાર કરે છે...

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં મનથી મકક્મ રહીને કોરોનાગ્રસ્ત દર્દીઓના જીવ બચાવવા માટે કાર્યરત પૈકી ગીરીશભાઈ પણ એક વોરિયર છે....

ગિરીશ ગોહિલ કે જેઓ છેલ્લા ૫ વર્ષથી લીફટમેન તરીકેની સરાહનીય સેવાઓ આપી રહ્યા છે. તેઓ કહે છે કે હું હલન-ચલનમાં તકલીફ અનુભવતો હતો. આ તકલીફ શારીરીક પડકાર આપતી પરંતુ માનસિક રીતે ક્યારેય હાર માની નથી. 'છેલ્લા પાંચ વર્ષથી અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં લિફટમેન તરીકે સેવાઓ આપી રહ્યો છુ.અહી દર્દીને એક વોર્ડ માંથી અન્ય વોર્ડમાં લાવવા લઇ જવા માટે કોઇપણ પ્રકારની અગવડ ન પડે તે માટે લિફટમેન તરીકેની જવાબદારી નિભાવી રહ્યો છું.મને ના કૂદરત હરાવી શકે, કે ન કોરોના....કેમ કે મારામાં લોકસેવા કરવાનું ધૈર્ય છે....' એમ તેઓ ઉમેરે છે...

# ૭ જૂન, વિશ્વ ખાદ્ય સલામતી દિવસ
# શુદ્ધ આહાર, સ્વસ્થ જીવનનો આધાર




વિશ્વના દેશોની સરકારો દરેક વ્યક્તિને ખોરાક મળે અને કોઈ ભૂખ્યા ન રહે એ ઉદ્દેશ્યની ખાતરી કરવા અને સંયુક્ત રાષ્ટ્રની ફૂડ એન્ડ એગ્રિકલ્ચર ઓર્ગેનાઈઝેશન (FAO) ની ખાતરી કરવા માટે ૭ જૂને વર્લ્ડ ફૂડ સેફટી ડેની ઉજવણી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. વિશ્વની મોટી વસ્તી કોરોના સંકટથી પ્રભાવિત છે અને આ સંકટના યુગમાં ઘણા લોકો બે વખતની રોટલી માટે સંઘર્ષ કરી રહ્યા છે. આ વિશેષ દિવસની ઉજવણીનો હેતુ સંતુલિત અને સુરક્ષિત ખોરાકના ધોરણો જાળવવા અને જાગૃતિ ફેલાવવાનો છે અને નબળા આહારના વપરાશને લીધે થતા રોગોથી થતાં મૃત્યુની સંખ્યાનો આંકડો ઓછો કરવાનો છે. ખાદ્ય સલામતી સુનિશ્ચિત કરે છે કે ખાદ્ય ઉત્પાદનથી લઈને પાક, પ્રક્રિયા, સંગ્રહ, વિતરણ, વપરાશ પહેલાંની તૈયારી સુધીનો દરેક તબક્કો સંપૂર્ણપણે સલામત છે. આ જાગૃતિ માટે, વિશ્વ ફૂડ સેફટી ડેનો તર્ક અને મહત્વ વધે છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અનુસાર, દર વર્ષે ઘણા લોકો દૂષિત ખોરાક અથવા બેક્ટેરિયાવાળા ખોરાકથી બીમાર થાય છે. જે આંકડો કરોડોને પાર કરે છે. ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) એ રાજ્યો દ્વારા સ્વચ્છ પોષણયુક્ત આહાર પૂરા પાડવાના પ્રયત્નોના સંદર્ભમાં સ્ટેટ ફૂડ સેફટી ઈન્ડેકસ (SFSI)નો પ્રારંભ કર્યો છે. ઘણી ચીજવસ્તુ પર દર્શાવાતો એફએસએસએઆઈ માર્ક એ તે પેકેટમાં રહેલો ખોરાક સુરક્ષિત છે તેમ દર્શાવે છે. ભારતમાં ગરીબી, બેરોજગારીનું પ્રમાણ વધુ છે. તેથી શુદ્ધ અને પોષણયુક્ત આહાર પ્રાપ્ત કરવો એ દરેક વ્યક્તિ માટે શક્ય નથી એવા સમયે આવા નીચી આવક ધરાવતા લોકોને શુદ્ધ આહાર અને પાણી મળી રહે તેનું ધ્યાન સરકાર સહીત તમામ ઉચ્ચ કે મધ્યમ વર્ગનાં લોકોએ પણ રાખવું જોઈએ.

- મિત્તલ ખેતાણી

# કેવડિયા બનશે દેશની પહેલીઈલેક્ટ્રોનિક સિટી

**કેવડિયામાં આગામી દિવસોમાંપર્યાવરણના મહત્વને ધ્યાનમાં રાખીને માત્ર બેટરીથી ચાલતાવાહનોને પ્રાથમિકતા અપાશે:PM મોદી વડા પ્રધાને દેશની પહેલી ઈલેક્ટ્રોનિક સિટીનો પણ ઉલ્લેખ કર્યો,કેવડિયા શહેરમાં માત્ર બેટરી આધારિતફોર વ્હીલર અને બસો ચાલશે**



તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

રાજપીપલા, તા૬

પર્યાવરણ દિવસ નિમિત્તે દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મોદીએ એક કાર્યક્રમમાં સંબોધનમા તેમણે દેશની પહેલી ઈલેક્ટ્રોનિક સિટીનો પણ ઉલ્લેખ કર્યો હતો. પીએમ મોદીએ કાર્યક્રમમાં કહ્યું હતું કે, ભવિષ્યની એક યોજનાઅંગે હું જાકાકરી આપવા માંગુછું. ગુજરાતના ખૂબસુરત શહેર કેવડિયામાં આગામી દિવસોમાંપર્યાવરણના મહત્વને ધ્યાનમાંરાખીને માત્ર બેટરીથી ચાલતા વાહનોને જ પ્રાથમિકતા આપવામાંઆવશે.

પીએમ મોદીના એલાન પહેલા૨૦૧૯મા કેન્દ્ર સરકાર તરફથી કેવડિયામાં માત્ર ઈલેક્ટ્રોનિક વાહનોની અવર જવરને મંજૂરી આપવા માટે પ્રાથમિક યોજના તૈયાર કરી દેવાઈ હતી. નેશનલ ટુરિઝમ એડવાઈઝરી કાઉન્સિલના પૂર્વ ચેરમેન અને પૂર્વ પર્યટન મંત્રી જેજે એલફોન્સે તે સમયે કહ્યું હતુ કે, સ્ટેચયુ ઓફ યુનિટી જોવા આવનારા પર્યટકોની સંખ્યામાં હવે વધારોથશે. આવામાં અહીંયા વર્લ્ડ ક્લાસ ટુરિઝમની સુવિધાઓ ડેવલપ કરવાનું લક્ષ્ય છે.આવનારા સમયમાં આ શહેરમાં માત્ર બેટરી આધારિત ફોર વ્હીલર અને બસો જ ચાલશે.અર્થાત અહી દોડતા વાહનો પેટ્રોલડિઝલ થી નહી ચાલે પણ બેટરી થી ચાલશે. અર્થાત અહીં પ્રદુષણ નહીં થાય અને કેવડિયા પ્રદુષણ મુકત દેશની પ્રથમ ઈલેકટ્રોનિક સિટીબનશે જે પ્રવાસીઓ અને દેશ વાસીઓ માટે ગૌરવ રૂપ અનેઆકર્ષણ નું કેન્દ્ર બનશે. ટૂંક સમયમાં આ પ્રોજેટક ઉપર કામ શરૂ થઈ જશે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દુનિયાની સૌથી ઊંચી પ્રતિમા કેવડિયામાં સ્થાપિત કરી છે. સાથે સાથે ઈકો ટુરીઝમના વિકાસ થકી આ સમગ્ર આદિવાસી વિસ્તારની સામાજિક આર્થિક પ્રગતિને પ્રોત્સાહન આપવા અનેકવિધ પ્રવાસીય પ્રકલ્પ અમલમાં મુક્યા છે તેના કારણે આજે આ સ્થળ વિશ્વકક્ષાનું પ્રવાસન સ્થળ બન્યું છે સાથે સાથે સ્થાનિકોને વિવિધ રોજગારી આપવાનું ઉદાહરણરૂપ કાર્ય પણ થયું છે. જેમાં પ્રવાસન સ્થળનો વિકાસ

### વડા પ્રધાન મોદીનું આ સ્વપ્ન ટૂંક સમયમાં થશે સાકાર

પર્યાવરણીય જાળવણી તથા સંવર્ધન સાથે થાય તે વડાપ્રધાનશની દૂરંદેશી ભરી નીતિ રહી છે. આ દિશામાં વધુ એક અજોડ કદમ ઉઠાવતા, આ વિસ્તારમાં પ્રદૂષણ ઓછું થાય તેવા સહિયારા પ્રયાસોનાં ભાગરૂપે બેટરી સંચાલીત વાહનો ચલાવવાનો નિર્ધાર માનનીય પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વ પર્યાવરણ દિને વ્યક્ત કર્યો છે અને તેને સાકાર કરવા માટે ઉચિત સબસીડી પણ આપવામાં આવશે.વડાપ્રધાનના આ નિર્ણયથી સ્ટેચ્યુ ઓફ યુનિટીનો વિસ્તાર સમગ્ર દેશમાં માત્ર ઈલેક્ટ્રિક વેહિકલ ધરાવતો પ્રથમ વિસ્તાર બનશે. આ સમગ્ર યોજના જીંછહ્વ્છ વિસ્તારમાં તબક્કાવાર લાગુ કરાશે અને જાહેર કરાયેલા વિસ્તારમાં માત્ર ઈલેક્ટ્રિક વાહનો ફેરવી શકાશે. પ્રવાસીઓ માટે ઉપલબ્ધ કરાતી બસો પણ ડિઝલના બદલે ઇલેક્ટ્રિક બસો વપરાશે. SOUADTGA વિસ્તારનાં રહેવાસી પુખ્ત વયના વ્યક્તિને દ્રી-ચક્રી ઈ-વાહન ખરીદવા સહાય આપવામાં આવશે. દ્વિચક્રી વાહનના લાભાર્થીને GEDA દ્વારા આપવામાં આવતી સહાય ઉપરાંત SOUADTGA તરફથી પણ ઉચિત સબસીડી આપવામાં આવશે.લાભાર્થીએ આ વિસ્તારમાં પેટ્રોલ-ડીઝલનાં વાહનો ન ચલાવવાની બાંહેધરી આપવાની રહેશે. ઈ-રીક્ષા ચલાવનાર કંપનીએ SOUADTGA વિસ્તારમાં ઓછામાં ઓછી ૫૦ રીક્ષા પ્રારંભે ચલાવવાની રહેશે.

ઈ-રીક્ષા માટે ચાલકની પસંદગીમાં SOUADTGA વિસ્તારની મહીલાઓ અને હાલના રીક્ષાચાલકોને રોજગારી મળી રહે તે માટે પ્રાધાન્ય આપવામાં આવશે ઈ-રીક્ષા ચલાવનાર કંપનીએ આ માટે સ્માર્ટ મોબાઈલ એપ વિકસાવવાની રહેશે જેમાં વિવિધ પ્રવાસીય સ્થળો અને અંતર અને નિયત ભાડા સહિતનો ઉલ્લેખ હશે.

મહિલા ચાલકને કેવડીયા ખાતેનાં સ્કીલ ડેવલોપમેન્ટ સેન્ટર ખાતે વાહન ચલાવવાની વિધિસરની તાલીમ નિઃશુલ્ક આપવામાં આવશે. ઈ-વાહનનો મેઈનટેનન્સ વર્કશોપ તથા ચાર્જીંગ સ્ટેશન પણ અત્રે ઊભા કરાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે કેવડિયા ખાતે પ્રદુષણ ફેલાવતા કોઈ ઉદ્યોગો નથી, બે જળ વિદ્યુત મથકો છે જે વિપુલ પ્રમાણમાં પર્યાવરણીય મિત્ર જેવી વિદ્યુત ઉત્પન્ન કરે છે. આ વિસ્તારને માત્ર ઈલેક્ટ્રિક વેહિકલ માટે આરક્ષિત કરાતાં હવા અને અવાજનું પ્રદુષણ ઘટશે અને આ અજોડ પ્રવાસન સ્થળની યશકલગીમાં એક પીછું ઉમેરાશે. એટલું જ નહી પણ ભારતના અને વિશ્વના વિવિધ સ્થળોએથી સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે આવતા પ્રવાસીઓ આ વ્યવસ્થા નિહાળીને પર્યાવરણની જાળવણી માટે વધુ સજાગ અને પ્રોત્સાહિત બનશે અને અહીંથી એ સંદેશો લઈને પરત જશે.

# રાજ્યના આદિજાતિ વિસ્તાર અરવલ્લીના ૩ તાલુકા ના ૪૫ ગામોના ૬૦ તળાવો વાત્રક ના પાણી થી ભરાશે

અરવલ્લી

વાત્રક જળાશય આધારીત મેઘરજ, માલપુર તાલુકાને હરિયાળા બનાવવા માટેની રૂ.૧૧૭ કરોડની ઉદ્દવહન સિંચાઇ યોજનાને મંજૂરી આપતા મુખ્યમંત્રીશ્રી વિજય ભાઈ રૂપાણી

૪૬૯૫ એકર જમીનને મળશે બારમાસી સિંચાઇ લાભ ૨૦૧૬ થી ૨૦૨૦ ના ચાર વર્ષમાં આદીજાતિ વિસ્તારોમાં કુલ રૂપિયા ૬૬૦૦ કરોડ ની ૧૬૪૪ યોજનાઓથી ૫.૪૩ લાખ એકર જમીનમાં સિંચાઇ સુવિધા પૂરી પાડવાની નિર્ણાયકતા દર્શાવતા મુખ્યમંત્રીશ્રી રાજ્યના ૧૪ વનબંધુ જિલ્લાઓમાં ૫૪ તાલુકાના ડુંગરાળ અને ઉંચાઇએ આવેલ આદિજાતિ વિસ્તારોમાં સિંચાઇ સુવિધા અને પાણીની ઉપલબ્ધતા માટે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની આગવી પ્રતિબદ્ધતા

મુખ્યમંત્રી શ્રી વિજય ભાઈ રૂપાણી એ આદિજાતિ વિસ્તાર અરવલ્લી જિલ્લામાં વાત્રક જળાશયની ઉપરવાસમાં આવેલા મેઘરજ , માલપુર મોડાસા ને ખેતીવાડી માટે સિંચાઇ ની સુવિધા આપવા ૧૧૭ કરોડ રૂપિયાની ઉદ્દવહન યોજનાને મંજૂરી આપી છે.

આ યોજના અંતર્ગત મેઘરજ ના ૧૯ ,માલપુર ના ૩૬ અને મોડાસા ના ૫ તળાવ મળી કુલ ૪૮ ગામોના ૬૦ તળાવો વાત્રકના પાણીથી ઉદ્દવહન સિંચાઇ મારફતે ભરવામાં આવશે

એટલું જ નહિ સિંચાઇથી વંચિત એવા ૪૬૯૫ એકર વિસ્તારને સિંચાઇના પાણીની બારમાસી સુવિધા મળતી થશ

આ યોજનાથી મેઘરજ અને માલપુર તાલુકાના આદિજાતિ વિસ્તારના ખેડૂતને આર્થિક સદ્ધરતા પણ પ્રાપ્ત થશે.મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના ૧૪ જિલ્લાઓમાં ૫૪ તાલુકાના આદિજાતિ વિસ્તારોમાં વસવાટ કરતા વન બંધુઓને સિંચાઇના પાણી તથા પીવાના પાણીની ઉપલબ્ધિ માટે ચાર વર્ષમાં રૂપિયા ૬૬૪૨ કરોડ ના માતબર ખર્ચે નાની મોટી૧૬૪૪ યોજનાઓ મારફત કુલ ૫,૪૩,૦૬૭ એકર જમીનમાં સિંચાઈની સવલત પૂરી પાડવાની નિર્ણાયકતા દર્શાવતા આદિજાતિ કલ્યાણની નેમ રાખી છે

રાજ્યના ૧૪ જિલ્લાઓ સાબરકાંઠા, બનાસકાંઠા, અરવલ્લી, દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર, મહીસાગર, સુરત, ભરૂચ, નર્મદા, ડાંગ, તાપી, નવસારી અને વલસાડ જિલ્લાના ૫૪ તાલુકાઓમાં આદિજાતિ વિસ્તારો મોટાભાગે ઉંચાઇવાળા લેવલે કે ડુંગરાળ વિસ્તારમાં વસેલા છે.

મુખ્યમંત્રીશ્રી એ આ વિસ્તારોમાં સિંચાઇના પાણી માટેની સમસ્યા વારંવાર ઉપસ્થિત થતી હોવાથી તેના નિરાકરણ માટે સંવેદનશીલ અભિગમ અપનાવી વર્ષ ૨૦૧૬ થી ૨૦૨૦ ના ચાર વર્ષ દરમ્યાન નાની સિંચાઇયોજનાઓ હાઇ લેવલ કેનાલ, નાનામોટા ચેકડેમો, લીફ્ટ ઈરીગેશન સ્કીમ તથા ઉદ્દવહન સિંચાઇ યોજનાના કામો મોટાપાયે હાથ ધરવા સંબંધિત વિભાગોને પ્રેરીત કર્યા છે તદનુસાર, મુખ્યત્વે ૧૩ મોટી ઉદ્દવહન સિંચાઇ યોજનાઓ, ૩૪૪ લીફ્ટ ઈરીગેશન સ્કીમ ૨૩૮ નાની મોટી સિંચાઇ યોજનાઓ, ૪૩૨ નાના મોટા ચેકડેમો તેમજ ૬૧૭ અનુશ્રવણ તળાવોમાંથી વનબંધુ વિસ્તારોની ૫,૪૩,૦૬૭ એકર જમીનને સિંચાઈનો લાભ પહોંચાડવાની વિવિધ યોજનાઓ પ્રગતિમાં કે પૂર્ણતાના તબક્કે છે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ આવા વનબંધુ વિસ્તારમાં સિંચાઇના પાણીની સુવિધા માટે હવે વધુ એક સંવેદના પૂર્ણ અભિગમ દર્શાવીને મધ્ય ગુજરાતના અરવલ્લી જિલ્લાના મેઘરજ અને માલપુર તાલુકાને હરીયાળા બનાવવા રૂ. ૧૧૭.૧૩ કરોડની ઉદ્દવહન સિંચાઇ યોજનાને મંજૂરી આપી છે. અરવલ્લી જિલ્લામાં આવેલા વાત્રક જળાશયમાં પાણીની ઉપલબ્ધિ હોવા છતાં આ વિસ્તારમાં સિંચાઇ માટે પૂરતુ પાણી આપી શકાતું ન હતું

બહુધા આ વિસ્તાર ડુંગરાળ હોવાથી વરસાદી પાણી નદીમાં વહી જાય છે અને સિંચાઇ કે પીવાના પાણી ની સમસ્યા રહે છે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સમક્ષ આ સમસ્યા અંગે રજૂઆત આવતા તેમણે આ વિસ્તારના આગેવાનોએ કરેલી રજૂઆતોનો સંવેદના પૂર્ણ પ્રતિસાદ આપીને આ યોજના મંજૂર કરી છે. વજય ભાઈ રૂપાણી ના આ નિર્ણય ને પરિણામે મેઘરજ માલપુર અને મોડાસા તાલુકા ના કુલ મળીને ૪૮ ગામો ને લિફ્ટ ઈરીગેશન થી સિંચાઇ અને પીવાના ઉપયોગ માટે પાણી મળતું થશે.

એટલું જ નહીં ખેડૂતો કપાસ,તુવેર, ઘઉ, મકાઈ જેવા પાક માટે પૂરતું પાણી મેળવી ને વધુ પાક ઉત્પાદનથી વધુ આવક રળી શકશે. આ ઉપરાંત ખેડૂતો ને હવે ઉનાળામાં પણ પાક લેવાની સરળતા થશે અને પશુ પક્ષીઓ તથા માનવ વસતીને પીવાનું પાણી પણ પર્યાપ્ત માત્રામાં મળતું થશે.

મુખ્યમંત્રીશ્રી દ્વારા સાબરકાંઠા જિલ્લામાં સુજલામ સુફલામ યોજના અંતર્ગત જલુંદ્રાથી કોજણ ડેમ થઇ હિંમતનગર તાલુકા ના રાયગઢ સુધીની ઉદ્દવહન સિંચાઇ યોજનાની રૂ.૨૩૪.૩૭ કરોડની મંજૂરી આપવામાં આવી છે .જેનાથી સાબરકાંઠા જિલ્લાના ૭૪૦૦ એકર વિસ્તારને સિંચાઇ સુવિધા પ્રાપ્ત થશે.

# પ્રિમોન્સુન એક્ટિવિટી શરૂ: આગામી બે દિવસ ભારે વરસાદની આગાહી

અમદાવાદ,તા.૬

ગુજરાતમાં પ્રી-મોનસૂન એક્ટિવિટીની શરૂઆત થઈ ગઈ છે. રાજયના કેટલાય વિસ્તારોમાં છેલ્લા ૪ દિવસથી વરસાદ પડી રહ્યો છે. આજે દક્ષિણ ગુજરાતના ઝરમર ઝરમર વરસાદ પડી રહ્યો છે. સુરત, રાંદેર, કતારગામ, અમરોલીમાં મેઘો વરસી થયો છે. એવામાં હવે વધુ આગામી ૨-૩ દિવસ સૌરાષ્ટ્ર તથા મધ્ય તથા દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. દ.ગુજરાતમાં વરસાદની શરૂઆત થતા જ સહેલાણીઓ હિલ સ્ટેશન પર ઉમટવા લાગ્યા છે .વરસાદી સિસ્ટમ હાલમાં સક્રિય હોવાથી આગામી ત્રણ દિવસ દરમિયાન રાજયના વિવિધ વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ પ્રકારનો વરસાદ થવાની હવામાન ખાતા દ્વારા આગાહી કરવામાં આવી છે.






### નિર્ભયા સ્કવોર્ડની માનવ સેવા

# નિર્ભયા સ્કવોર્ડની બહેનો ગામે-ગામે જઈ જે જરૂરતમંદ લોકોને અનાજ અને ફળનું કીટ

**નિર્ભયા સ્કવોર્ડ ના દરેક સભ્ય ગામે ગામે જઇ સીનીયર સીટીઝન અને વિધવા મહિલાઓને સરકારી યોજનાની જાણકારી આપી**

રાજપીપલા,

કોરોનાના બીજા વેવ મા નિર્ભયા સ્કવોર્ડ ની કામગીરી પુનઃ સક્રિય થઈ છે. નિરાધાર મહિલાઓ, પીડિત મહિલાઓ, વૃદ્ધ મહિલાઓ ની સમસ્યાનું સમાધાન કરવા નિર્ભયા સ્કવોર્ડ ગામે ગામે ફરી યોગ્ય માર્ગદર્શન આપી માંમહિલાઓને મદદરૂપ થઈ રહી છે તાજેતર મા લાછરસ ગામે વૃદ્ધ મહિલાને નાના દીકરાએ માની મિલ્કત પડાવી લેવાના બહાને ઘરને તાળું મારી કાઢી મુકતા નિર્ભયાસ્કવોર્ડે તાળું તોડી ગૃહ પ્રવેશ કરાવ્યો હતો.

હવે માનવ સેવા એ જ પ્રભુ સેવા નર્મદા જિલ્લાના પોલીસ અધિક્ષક હિમકર સિંહ તથા નાયબ પોલીસ અધિક્ષક ચેતના ચૌધરીની સૂચનાથી પી.એસ.આઇ કે. કે .પાઠક ના નેતૃત્વમાં કામ કરી રહેલ નિર્ભયા ટીમનુ એક નવું સ્વરૂપ જોવા મળ્યું છે.

હાલમાં કરોના મહામારીના કારણે શાળા કોલેજ બંધ હોવાથી નિર્ભય સ્કવોર્ડે જિલ્લામાં એક નવું અભિયાન ચાલુ કર્યુંછે. નિર્ભયા સ્કવોર્ડ ના દરેક સભ્ય ગામે ગામે



જઈ ઘેર ઘેર મુલાકાત લઈ સીનીયર સીટીઝન અને વિધવા મહિલાઓને જે લોકો સરકારી યોજનાથી વંચિત છે એવા લોકોને સરકારી યોજના અપાવા માટે કાર્ય કરી રહી છે.અને જે લોકોને ઘરમાં ખાવાનું નથી એવા વૃદ્ધ અને બે સહારા લોકો ને પડખે નિર્ભયા સ્કવોર્ડ ૨૪ કલાક એમની સેવા માટે તત્પર તૈયાર છે.હાલમા કે કે પાઠકના નેતૃત્વમાં નિર્ભયા સ્કવોર્ડની બહેનો ગામે-ગામે જઈ જે જરૂરતમંદ લોકોને અનાજ અને ફળનું કીટ નું વિતરણ પણ કર્યું હતું.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# નવા રૂપરંગમાં જલ્દી જ ખુલ્લો મૂકાશે જૂનાગઢનો તાજમહલ, રીનોવેશનનું ૬૦ ટકા કામ પૂર્ણ

જૂનાગઢ,તા.૬

પ્રવાસન વિભાગ દ્વારા હેરિટેજ ઈમારતોને તેના મૂળ સ્વરૂપે લાવવા અને તેના જતન માટે તેના રિનોવેશનની કામગીરી હાથ ધરવામાં આવી છે. જૂનાગઢ ની ઐતિહાસિક ધરોહર સમાન ઉપરકોટ કિલ્લો અને મહાબત મકબરાના રીનોવેશનની કામગીરી હાલ ચાલી રહી છે.

મહાબત મકબરા જૂનાગઢ શહેરના તાજ સમાન છે. જે એક સુંદર શિલ્પકલાનો નમુનો જૂનાગઢમાં જોવા મળે છે. જોકે રીનોવેશન કામગીરી હજુ ત્રણથી ચાર મહિના ચાલશે. ત્યારબાદ નવા રૂપરંગમાં ઐતિહાસિક ઈમારતો લોકોને જોવા માટે ખુલ્લો મુકાશે. ઐતિહાસિક ઈમારતોની રીનોવેશન કામગીરી પૂર્ણ થયા બાદ એક નવા રૂપરંગ સાથે ઐતિહાસિક ઈમારતોને સુંદરતા મળશે અને પ્રવાસીઓ માટે એક આકર્ષણનું કેન્દ્ર બનશે. સાથે જ જૂનાગઢના પ્રવાસનને પણ વેગ મળશે.

રાજ્ય સરકાર દ્વારા પ્રવાસીઓને આકર્ષવા માટે આવા સ્થળોનું રીનોવેશન શરૂ કરવામાં આવ્યું છે. ખાસ કરીને જૂનાગઢનાં ઉપરકોટ, મકબરા માટે સરકારે ગ્રાન્ટ ફાળવી છે. આ ગ્રાંટમાંથી કામ શરૂ થયું છે. હાલ જૂનાગઢ મહાબત મકબરાનું નવિનીકરણનું કામ શરૂ થયું છે. ઉલ્લેખનીય છે કે, જૂનાગઢ કોર્ટ સામે આવેલા મહાબત મકબરા જર્જરીત બન્યાં છે. તેમની બારીઓ, દરવાજા તેમજ કેટલોક ભાગ પણ તૂટી ગયો છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CMYK